
૧

# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૦ * અંક-૩ * નવેમ્બર, ૨૦૧૫



નિર્વાણમહોત્સવ દિન આજ, વીરપ્રભુ સિદ્ધ થયા છે;
સિદ્ધમંદિરે નાથ બિરાજ્યા, શાસનમાં જાગ્યા કોઇ સંત.
સાદ સાંભળ્યો સેવક તણો એ, જાગ્યા કુંદ-કહાન સંત.
આત્મ-આધાર એ અમ સેવકના, શિવપુરનો એ સાથ.
વીરપ્રભુ સિદ્ધ થયા છે.

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● મધુકા એક-એક કણ ચૂંકિ અસંખ્યાત જીવોંકે ઘાતસે ઉત્પન્ન હોતા હૈ ઈસલિયે વિદ્વાન મનુષ્ય ઉસે કૈસે ખાતા હૈ ? અર્થાત્ ઉસે વિવેકી મનુષ્ય કભી નહીં ખાતા હૈ. સાત ગાંવોંકે ભસ્મ હોને પર મનુષ્યોંકે જો સર્વથા પાપ હોતા હૈ વહી પાપ મધુકે એક કણકે ખાને પર હોતા હૈ—ઐસા આગમમેં કહા ગયા હૈ. ૧૫૧૩.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૫૫૦-૫૫૧)

● હે મૂઢ પ્રાણી ! ઈસ સંસારમેં તેરે સન્મુખ જો કુછ સુખ વા દુઃખ હૈ. ઉન દોનોંકો જ્ઞાનરૂપી તુલામેં (તરાજૂમેં) ચઢાકર તોલૈગા, તો સુખસે દુઃખ હી અનંતગુણા દીખ પડેગા. ક્યોંકિ યહ પ્રત્યક્ષ અનુભવગોચર હૈ. ૧૫૧૪.

(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨, શ્લોક-૧૨)

● આત્માને જાણવા માટે અર્થાત્ ઈશ્વરની ખોજ કરવા માટે કોઈ તો ત્યાગી બની ગયા છે, કોઈ બીજાં ક્ષેત્રમાં યાત્રા આદિ માટે જાય છે, કોઈ પ્રતિમા બનાવીને નમસ્કાર, પૂજન કરે છે. કોઈ ડોળીમાં બેસીને પર્વત પર ચડે છે, કોઈ કહે છે કે ઈશ્વર આકાશમાં છે અને કોઈ કહે છે કે પાતાળમાં છે. પરંતુ આપણા પ્રભુ દૂર દેશમાં નથી—આપણામાં જ છે, તે આપણને સારી રીતે અનુભવમાં આવે છે. ૧૫૧૫. (શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, બંધ દ્વાર, પદ-૪૮)

● સામાયિકના સમયમાં કૃષિ આદિ આરંભ સહિત બધાંય અંતરંગ અને બહિરંગ પરિગ્રહો હોતા જ નથી, તેથી તે સમયે ગૃહસ્થ, વસ્ત્ર ઓઢેલાં (ઉપસર્ગગ્રસ્ત) મુનિ સમાન મુનિભાવને પ્રાપ્ત કરે છે. ૧૫૧૬.

(શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૧૦૨)

● સાંભળ ! આજે તને એક અપૂર્વ શિક્ષાભરી વાત તને કહીએ છીએ કે તારાથી અપમાનીત થયેલા તે કષાયો માત્સર્યતાને પામી કર્મોદયવશાત્ પોતાનો અનાદિ આકાર ફેર કરી હજુ પણ તારા જેવા તપસ્વી, તારા જેવા જ્ઞાની અને તારા જેવા વિરતી ગુણી પુરષો પ્રત્યે સૂક્ષ્મ અદેશક (અન્યનો ઉત્કર્ષ નહિ સહન થવો તે) ભાવરૂપે પોતાનું કામ કરી રહ્યા છે, જે અતિ દુર્જય છે, તેને વિચારીને તું ક્ષીણ કર. જે મહાન દોષ કોઈ વિરલ પુરુષો જ છોડી શક્યા છે. ૧૫૧૭.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૧૫)

❀

વર્ષ–૧૦
અંક–૩




વિ. સંવત
૨૦૭૧
November
A.D. 2015




# કેવળી ભગવાનનો પ્રસાદ

(શ્રી મહાવીર-નિર્વાણ-મહોત્સવ પ્રસંગે પૂ. ગુરુદેવના અત્યંત ભાવવાહી મંગલ પ્રવચનમાંથી)

ભગવાન મહાવીર પરમાત્મા આજે મોક્ષદશાને પામ્યા, કેવળજ્ઞાન તો તેમને ઘણાં વર્ષ પહેલાં થયું હતું. ત્યાર પછી ત્રીસ વર્ષ સુધી અરિહંતપદે તીર્થંકરપણે રહ્યા, ને આજે (આસો વદ અમાસના પરોઢિયે) પાવાપુરીમાં ભગવાન અશરીરી સિદ્ધપદને પામ્યા અને ભગવાનના ગણધર શ્રી ગૌતમસ્વામી પણ આજ દિવસે કેવળજ્ઞાન પામ્યા....અરિહંતપદ પામ્યા.

...પણ, ''મહાવીર પરમાત્મા નિર્વાણપદ પામીને સિદ્ધ થયા ને ગૌતમગણધર કેવળજ્ઞાન પ્રગટ કરીને અરિહંત થયા, તેમાં આ આત્માને શું ?'' તો કહે છે કે, આ વાતનો જેણે નિર્ણય કર્યો એટલે કે આત્માની પૂર્ણ શુદ્ધ સિદ્ધદશા, તેમજ જ્ઞાનની પૂર્ણદશારૂપ કેવળજ્ઞાન આ જગતમાં છે એવો જેણે નિર્ણય કર્યો તેણે પોતાના આત્માના પૂર્ણ શુદ્ધસ્વભાવનો નિર્ણય કર્યો....એટલે સિદ્ધદશાનો ને કેવળજ્ઞાનનો ઉપાય તેને પોતાના આત્મામાં શરૂ થઈ ગયો....તે ભગવાનનો નંદન થયો, તેને સર્વજ્ઞ ભગવાનની પ્રસાદી મળી.



અહો, આજે જ મહાવીર ભગવાન સિદ્ધ થયા...આજે જ ગૌતમપ્રભુ અરિહંત થયા.... ભગવાનને જે સિદ્ધદશા અને અરિહંતદશા પ્રગટી તે પોતાના આત્માના સામર્થ્યમાંથી જ પ્રગટી છે, બહારથી નથી આવી, આવો નિર્ણય કરીને....'મારા આત્મામાં પણ પૂર્ણદશા પ્રગટવાનું સામર્થ્ય ભર્યું છે, હું રાગ જેટલો

કે અધૂરી દશા જેટલો નથી પણ પરમાત્મદશા પ્રગટવાના સામર્થ્યનો પિંડ છું' એમ પોતાના સ્વભાવ સામર્થ્યનો વિશ્વાસ કરવો તે અપૂર્વ સમ્યગ્દર્શન છે. ભગવાનને પૂર્ણ કેવળજ્ઞાન સૂર્ય ખીલી ગયો છે ને આ આત્માને તે કેવળજ્ઞાન પ્રભાત ઊગવા માટેનું પરોઢિયું થયું. અનાદિના મિથ્યાત્વનું અંધારું ટળીને સમ્યગ્દર્શન થયું. ત્યાં કેવળજ્ઞાન પ્રભાતનો પો ફાટ્યો....અને હવે અલ્પકાળમાં તેને પૂર્ણ કેવળજ્ઞાન સૂર્ય ખીલી જશે. જુઓ, આ સર્વજ્ઞ ભગવાનની ઓળખાણનું ફળ !

સિદ્ધ થયા પહેલા મહાવીર ભગવાન સર્વજ્ઞ તીર્થંકરપણે આ ભરતક્ષેત્રે વિચરતા હતા, ત્યારે તેમના દિવ્યધ્વનિમાં એવો ઉપદેશ આવતો કે "આત્મામાં જ મુક્ત થવાની તાકાત ભરી છે....પૂર્ણ પરમાત્મદશા પ્રગટવાનું સામર્થ્ય આત્માના સ્વભાવમાં જ છે...તેની પ્રતીત કરો....તેની સન્મુખતા કરો...."ભગવાનનો આવો ઉપદેશ ઝીલીને સુપાત્ર જીવો અંતર્મુખ થઈને સમ્યગ્દર્શનાદિ પામ્યા....ત્યાં તેઓ કહે છે કે અહો ! સર્વજ્ઞભગવાનના પ્રસાદથી અમે આત્મબોધ પામ્યા ! હે નાથ ! આપની અમારા ઉપર પ્રસન્નતા થઈ....કેવળી ભગવાનના પ્રસાદથી અમને આત્મબોધ થયો....હે નાથ ! મારા ઉપર તારી કરુણા થઈ....મહેરબાની થઈ....કૃપા થઈ ! 'આમ કોણ કહે છે ?'—અંતરના જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિ અને પ્રતીત કરીને જેણે પોતાના આત્માની પ્રસન્નતા મેળવી છે—આત્માના આનંદનો અનુભવ કર્યો છે એવા જ્ઞાની—ધર્માત્મા પોતાની પ્રસન્નતા જાહેર કરતાં કહે છે કે અહો ! કેવળી ભગવાને અમારા ઉપર પ્રસન્નતા કરી....અમારા ઉપર ભગવાનની મહેરબાની થઈ....અમને ભગવાનની પ્રસાદી મળી. હે ભગવાન ! આજે આપ પ્રસન્ન થયા, આજે આપની કૃપા થઈ....હે ભગવાન ! આપની કૃપાથી આજે અમારા ભવભ્રમણનો અંત આવ્યો, ભગવાન તો વીતરાગ છે, તેમને કોઈ ઉપર કરુણાનો રાગ હોતો નથી, પણ સમકિતીને ભગવાન પ્રત્યે તેમજ પોતાના ગુરુ પ્રત્યે આવો ભક્તિનો આહ્લાદ આવ્યા વિના રહેતો નથી. હે નાથ ! 'તારી કૃપાએ અમે આત્મબોધ પામ્યા ને હવે અલ્પકાળે અમારા ભવનો નાશ થઈને મુક્તદશા થવાની છે એમ જ આપે કેવળજ્ઞાનમાં જોયું છે' એ જ આપની અમારા ઉપર અકષાયી કરુણા છે, એ જ આપની પ્રસન્નતા અને મહેરબાની છે.

આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે મુક્તિનો માર્ગ, તેના બોધનું નિમિત્ત સર્વજ્ઞ ભગવાનની વાણી છે, તે વાણી યથાર્થપણે ઝીલીને જેમણે અંતર્સ્વભાવના અવલંબને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશા પ્રગટ કરી, એવા ધર્માત્માઓ-સાધુ-સજ્જનો-સમકિતી સંતો કહે છે કે હે નાથ ! આપ તો કેવળજ્ઞાન અને મોક્ષ પામીને પરમાનંદથી

તૃપ્ત...તૃપ્ત થયા....ને અમારા ઉપર પણ કરૂણા કરીને અમને એ આનંદની પ્રસાદી આપી....આપના પ્રતાપે અમને પણ અમારી સર્વજ્ઞશક્તિની પ્રતીત થઈ....અમને અમારા આનંદનું ભાન થયું....આ રીતે, આપ વીતરાગ હોવા છતાં હે નાથ ! અમારી પ્રસન્નતાનું કારણ છો...

જુઓ, સાધુ પુરુષો એટલે કે સજ્જનો (સત્‌-જનો)–સમકિતી ધર્માત્માઓ કૃતજ્ઞ છે, આત્માના શ્રેયમાર્ગમાં જેમનો ઉપકાર થયો તેને કદી ભૂલતા નથી. ભગવાનના નિમિત્તે પોતાને રત્નત્રયભાવ પ્રગટ્યો ને આત્માની પ્રસન્નતા પ્રગટી ત્યાં કહે છે કે અહો ! અમારા ઉપર ભગવાનની મહેરબાની થઈ. પોતામાં પ્રસન્નતા થઈ ત્યાં ભગવાનની પ્રસન્નતાનો પણ આરોપ કર્યો કે ભગવાન મારા ઉપર પ્રસન્ન થયા.

હે મહાવીર ભગવાન ! આપ આજે સિદ્ધ થયા, હે ગૌતમ ભગવાન ! આપ આજે કેવળજ્ઞાન પામ્યા, હે ભગવાન ! આપની પ્રસન્નતા પ્રાપ્ત કરીને અમે ભક્તો પણ તમારા પગલે પગલે ચાલ્યા આવીએ એવી ભાવના ભાવીએ છીએ.

જુઓ, આ દિવાળીનો પ્રસાદ વહેંચાય છે ! લોકો લક્ષ્મીની પ્રસન્નતા માંગે છે, અહીં તો કહે છે કે સર્વજ્ઞ ભગવાન અમારા ઉપર પ્રસન્ન થયા...આજે અમને ભગવાન સામા મળ્યા (દૃષ્ટિમાં સન્મુખ થયા), બહાર નીકળતાં જ આજે ભગવાનનો ભેટો થયો– શક્તિમાં તો ભગવાન હતા, પણ વ્યક્તપર્યાયમાં પ્રતીત કરતાં જ ભગવાનનો ભેટો થયો....ભગવાનનો સાક્ષાત્કાર થયો...''અહો નાથ ! અંતરની શક્તિના અવલંબને આપ સર્વજ્ઞ થયા ને સર્વ ભક્તોને એ માર્ગ બતાવ્યો, હે નાથ ! તારી પ્રસન્નતાથી અમે સર્વ ભક્તો તારા જ માર્ગે ચાલ્યા આવીએ.

જુઓ, આ નિઃશંકતાનો માર્ગ !

મહાવીર ભગવાનના મોક્ષને આજે ૨૫૪૨મું વર્ષ બેઠું. પોતાના સર્વજ્ઞસ્વભાવની પ્રતીત કરીને ભગવાનના ભક્તો કહે છે કે હે ભગવાન ! આપ તો આત્માના અતીન્દ્રિય-પરમ આનંદના પૂર્ણ ભોક્તા થઈ ગયા ને ભક્તો માટે પણ આપ થોડો પ્રસાદ મૂકતા ગયા છો....હે ભગવાન ! આપની પ્રસન્નતાથી ભક્તોને પણ આપના અતીન્દ્રિય આનંદની પ્રસાદી મળી છે....આમ સમકિતી ભક્તિપૂર્વક ભગવાનના આનંદનો પ્રસાદ માને છે.

આ છે ભગવાનનો દિવાળીનો પ્રસાદ !

ભગવાન જેવા પોતાના સર્વજ્ઞસ્વભાવની પ્રતીત કરીને, સ્વસન્મુખ થઈને જેણે સમ્યગ્દર્શન અને અતીન્દ્રિય આનંદના અંશનું વેદન પ્રગટ કર્યું, તેણે જ ખરેખર ભગવાનની મુક્તિનો મહોત્સવ ઊજવ્યો.....તેના ઉપર ભગવાન પ્રસન્ન થયા, અને તેને જ ભગવાનની પ્રસાદી પ્રાપ્ત થઈ. ''એ અતીન્દ્રિય-પ્રસાદના દાતારનો જય હો–જય હો.''





# મંગલ સુપ્રભાત
# બેસતા વર્ષનું માંગલિક

કેવળજ્ઞાનરૂપી દિવ્ય સુપ્રભાત જયવંત વર્તો....તે કેવળજ્ઞાનના કારણભૂત એવું સમ્યગ્દર્શનરૂપી સુપ્રભાત જયવંત વર્તો. જે આત્માઓમાં આવા મંગલ સુપ્રભાતનો ઉદય થયો છે તેમના પવિત્ર ચરણકમળમાં નમસ્કાર હો.

સુપ્રભાતમંગલમાં પૂજ્ય ગુરુદેવશ્રી એવું અપૂર્વ માંગલિક સંભળાવે છે કે જેનાથી આત્માની મુક્ત થાય : 'અહો જીવો ! તમારા આત્મામાં પરિપૂર્ણ પ્રભુતા ભરી છે, તે જ મંગલરૂપ છે. તે ચૈતન્યપ્રભુતાની શ્રદ્ધા કરવી તે મંગળ છે, તેનું જ્ઞાન કરવું તે મંગળ છે, અને તેમાં એકાગ્રતા કરવી તે મંગળ છે. ચૈતન્ય-ચમત્કાર આત્માની પ્રભુતાનો વિશ્વાસ કરતા સમ્યગ્દર્શનરૂપી સુપ્રભાતનો ઉદય થાય છે ને પછી અલ્પકાળમાં કેવળજ્ઞાનરૂપી પૂર્ણ સુપ્રભાતનો ઉદય થાય છે.—આવા મંગળરૂપ સુપ્રભાત જયવંત વર્તો. આત્મામાં આવું મંગલ સુપ્રભાત પ્રગટ કરવા માટે, હે જીવો ! તમે તમારી પ્રભુતાને ઓળખો.'

—આત્માનું પ્રભુત્વ ઓળખાવનારા અને મંગલ સુપ્રભાતનો ઉદય કરનારા એવા હે કૃપાળુ ગુરુદેવ ! તથા પૂજ્ય ભગવતી માતા ! આ નૂતન વર્ષના પ્રારંભમાં આપ ઉભયમૂર્તિને સર્વ ભક્તોના અંતરની અભિવંદના...

### મંગલ સુપ્રભાત

ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવના દીપાવલી દિને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી રત્નત્રય દીપક પ્રગટાવીએ, જેથી ચૈતન્યજ્યોતની શુદ્ધ પ્રકાશની અતિશયતાને લીધે જે મંગલ સુપ્રભાત સમાન છે એવો આત્મા ઉદય પામે.

*(સમયસાર કળશ નં. ૨૬૮)*

## મહાવીર ભગવાન જેવા સ્વરૂપને જે પ્રગટ કરશે તેને કેવળજ્ઞાનનો સુપ્રભાત અવશ્ય પ્રગટ થાય.

આજે શ્રી મહાવીર ભગવાનના નિર્વાણ કલ્યાણકનો મંગળ દિવસ છે. મહાવીર ભગવાનના જે આ ગાણા ગવાય છે તે તેમના જેવા પોતાના સ્વરૂપને પ્રગટ કરવા માટે છે. મહાવીર ભગવાનને પોતાના આત્મામાં જે પૂર્ણ પરમાનંદ ભર્યો હતો તેને પોતે અનુક્રમે પ્રયાસ કરીને પ્રગટ કરી લીધો. મન, વાણી અને દેહથી છૂટું પૂર્ણ જ્ઞાનાનંદમય જે નિજ તત્ત્વ તેને પૂર્ણપણે સાધી લીધું. મહાવીર ભગવાનને કેવળજ્ઞાન થયું. કેવળજ્ઞાન ત્રણકાળ, ત્રણ લોક, સ્વ-પર સમસ્ત દ્રવ્ય તેમજ તેમના અનંત ભાવોને યુગપદ, એક સમયમાં હસ્તકમલવત્ અત્યંત સ્પષ્ટપણે જાણે છે. ભગવાને દિવ્યધ્વનિમાં કહ્યું છે કે– આત્મામાં અખંડ આનંદ સ્વભાવ ભર્યો છે, જેમાં જ્ઞાનાદિ અનંત સ્વભાવ ભર્યા છે, એવા ચૈતન્યમૂર્તિ નિજ આત્માની શ્રદ્ધા કરે, તેમાં લીનતા કરે, તો તેમાંથી કેવળજ્ઞાનનો આખો સુપ્રભાત અવશ્ય પ્રગટ થાય. *(ગુરુદેવશ્રીના વચનામૃત, બોલ નં. ૨૮૭)*

## કર્મોનો નાશ કરીને સ્થિર સુપ્રભાતને પ્રાપ્ત કરનાર જિનેન્દ્રોને નમસ્કાર


જેમ સૂર્યોદય થતા રાત્રિનો અંધકાર ધીમે-ધીમે નષ્ટ થઈને સૂર્યનો પ્રકાશ ફેલાવા માંડે છે તેમ સમ્યક્ત્વરૂપી પ્રભાત થતા અંધકાર સમાન કર્મો ધીમે-ધીમે નાશ પામીને સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ ફેલાવા માંડે છે. સૂર્યોદય થતાં લોકોની લાંબા સમયની નિદ્રા દૂર થાય છે અને નેત્રયુગલ ખુલી જાય છે. જ્યારે જિનેન્દ્ર ભગવાનનું સુપ્રભાત અનાદિકાળના મોહજનિત અવિવેકરૂપી નિદ્રા દૂર કરે છે અને કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ નેત્રયુગલ ખૂલી જાય છે તેથી સમસ્ત વિશ્વ સ્પષ્ટપણે જોઈ શકાય છે.

આવા અલૌકિક અને અવિનશ્વર સુપ્રભાતને પ્રાપ્ત કરનાર જિનેન્દ્રને તેવા જ સુપ્રભાતની પ્રાપ્તિ અર્થે અમારા નમસ્કાર. *(પદ્મનંદી પંચવિંશતિ, સુપ્રભાતાષ્ટકમ્, શ્લોક-૧)*

## સજ્જનોને સુખ આપનાર સત્ચક્રરૂપી સુપ્રભાત

જેમ સૂર્યોદયરૂપ સુપ્રભાત ચક્રવાક પક્ષીઓને સુખ આપનાર છે. ચક્રરત્ન તેના ધારણ કરનાર ચક્રવર્તીને સુખ આપનાર છે. તેમ નિર્મળ જ્ઞાનની પ્રભાથી પ્રકાશમાન લોક અને અલોકરૂપ સ્થાનને પ્રકાશિત કરવાની વિધિમાં ચતુર અને ઉત્કૃષ્ટ એવા સત્ચક્રરૂપી સુપ્રભાત સજ્જનોને સુખ આપનાર છે. અહીં સત્સ્વરૂપી આત્માના આશ્રયથી ઉત્પન્ન થતું લોકાલોકને પ્રકાશનાર કેવળજ્ઞાન તે સત્ચક્ર છે.

*(પદ્મનંદી પંચવિંશતિ : સુપ્રભાતાષ્ટકમ્, શ્લોક-૨)*



# સમયસારનો મહાપ્રસાદ

(શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં સોળમી વખતના પ્રવચન)




પૂજ્ય ગુરુદેવ સમયસારના પ્રવચનમાં શુદ્ધાત્માના અનુભવરૂપ મધુર પ્રસાદ રોજ રોજ પીરસે છે ને મુમુક્ષુજીવોની રુચિને પુષ્ટ કરીને અનુભવ પ્રત્યે ઉલ્લસાવે છે. તેમાંથી થોડુંક અહીં આપીએ છીએ, આ તો પંચપરમેષ્ઠીનો પ્રસાદ છે....પેટ ભરીને જમવા માટે તો જ્યાં રસોઈ રંધાતી હોય ત્યાં પહોંચવું જોઈએ.

## અપૂર્વ શ્રવણ (ગાથા-૪-૫)

પોતાના શુદ્ધઆત્મસ્વભાવ તરફ વલણ કરવું તે જિન ભગવાનનો ઉપદેશ છે, ને એ રીતે પોતાના શુદ્ધ આત્મસ્વભાવ તરફ વલણ કરવું—તે જિનોપદેશનું ભાવશ્રવણ છે. આવું ભાવશ્રવણ જીવે પૂર્વે કદી કર્યું નથી, તેથી કહે છે કે હે જીવ ! પૂર્વે નહિ સાંભળેલી એવી અપૂર્વ આ વાત છે, માટે તું પણ પૂર્વે નહિ કરેલા એવા અપૂર્વ ભાવે સાંભળજે. પૂર્વે અનંતકાળમાં જે અનુભવ્યું છે તેનાથી જુદી જાતની આ વાત છે. તો શ્રવણમાં પણ અપૂર્વતા લાવજે—તો જ વાચક-વાચ્યની સંધિ થશે.

## છઠ્ઠીના લેખ (ગાથા-૬)

સાધકની પર્યાયમાં અંશે શુદ્ધતા થઈ છે. તે શુદ્ધતા દ્વારા શુદ્ધદ્રવ્ય પ્રતીતમાં અનુભવમાં આવ્યું છે.

શુદ્ધદ્રવ્યને અનુભવમાં લઈને તેને પરદ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસ્યું—ત્યારે તે આત્મા 'શુદ્ધ' થયો. (ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે.)

દ્રવ્યસ્વભાવે તો શુદ્ધ હતો....તે 'શુદ્ધ'ને ઉપાસીને પર્યાય સહિત તે આત્મા શુદ્ધ થયો.

શુદ્ધદ્રવ્યને પ્રતીતમાં લેતાં પર્યાયમાં શુદ્ધતા ન થાય એમ બને નહિ. દ્રવ્ય-પર્યાય બંને 'શુદ્ધ' થયા.

પર્યાય પોતે રાગથી જુદી પડીને શુદ્ધ થઈ ત્યારે જ તેણે જાણ્યું કે 'હું (આત્મા)

> **રે! મોહરૂપ વા રાગરૂપ વા દ્વેષપરિણત જીવને**
> **વિધવિધ થાયે બંધ, તેથી સર્વ તે ક્ષયયોગ્ય છે. ૮૪. —શ્રી પ્રવચનસાર**

શુદ્ધ છું.' પર્યાય રાગમાં રહીને શુદ્ધદ્રવ્યને ઓળખી શકે નહિ.

રાગની ઉપાસના કરે તે શુદ્ધ નથી, શુદ્ધદ્રવ્યની ઉપાસના કરે તે જ 'શુદ્ધ' છે.

દ્રવ્ય તો શુદ્ધ છે જ, પણ તેની ઉપાસના કરીને શુદ્ધને સેવે, ત્યારે જ તે આત્માને 'શુદ્ધ' કહ્યો. ત્યાંથી ''સમયસારની શરૂઆત'' થઈ.

'શુદ્ધદ્રવ્ય'—એમ લક્ષમાં લેનાર કોણ?—તેના તરફ ઢળેલી શુદ્ધપર્યાય, તેણે જ શુદ્ધપણે પોતાનો અનુભવ કર્યો છે,—આવો અનુભવ તે મોક્ષમાર્ગ છે.

જ્ઞાયકભાવ શુદ્ધઆત્મા શુભ-અશુભભાવરૂપે થઈ ગયો નથી, તેનાથી જુદા સ્વભાવે જ રહ્યો છે, છતાં તે સ્વભાવની ઉપાસના (શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા) જે નથી કરતો ને એકલા અશુદ્ધ પુણ્ય-પાપ ભાવોરૂપે જે પોતાને અનુભવે છે—તે ભગવાનને ભૂલીને ભવમાં ભટકે છે. વીતરાગસ્વભાવને ભૂલીને અજ્ઞાની વિકલ્પને જ વેદે છે, જ્યારે એનાથી જુદો પડીને નિર્વિકલ્પ એક વિજ્ઞાનઘનસ્વરૂપે પોતે પોતાને અનુભવે ત્યારે સમ્યગ્દર્શન થાય છે, ત્યારે જ તેણે શુદ્ધાત્માની ઉપાસના કરી કહેવાય. ને ત્યારે જ આત્મજ્ઞ-સંતોની ખરી ઉપાસના ને સંગતિ તેણે કરી કહેવાય.

## મોક્ષમાર્ગની રીત

(નિશ્ચય-વ્યવહારરૂપ ઉપદેશનું તાત્પર્ય શું?) (ગા. ૮-૯-૧૦)

— જે જ્ઞાનપર્યાય આત્મસ્વભાવને સ્પર્શે-અનુભવે તેને ભાવશ્રુત કહેવાય છે....તે મોક્ષનું કારણ છે. આવા ભાવશ્રુતવડે મોક્ષની પરિપાટી શરૂ થાય છે, ને સંસારની પરિપાટી બંધ થાય છે.

— આવી ભાવશ્રુત પર્યાયવડે ધર્મીએ કેવળ-શુદ્ધ આત્માને જાણ્યો તેથી તેને શ્રુતકેવળી કહેવાય છે. બધુંય જ્ઞાન તે આત્મા જ છે, તેથી જેણે આત્માને જાણ્યો તેણે સર્વ જ્ઞાનને જાણ્યું, તેથી તે શ્રુતકેવળી છે.

— આત્માને જાણનારું આવું શ્રુતજ્ઞાન તે સૂક્ષ્મ છે, અપૂર્વ છે, તે ધર્મ છે, ને તેનું ફળ અલૌકિક અતીન્દ્રિય આનંદ છે.

— જ્ઞાન તે આત્મા છે. જ્ઞાનની એકતા આત્મા સાથે છે. જ્ઞાન તે રાગ નથી, જ્ઞાન તે અચેતન નથી, એટલે 'જ્ઞાન' ને જાણતાં રાગથી ને અચેતનથી ભિન્ન એવો 'આત્મા' જ જણાય છે માટે જ્ઞાનને જાણવાનું કહેતાં પરમાર્થે આત્માને જ જાણવાનું આવે છે.

— આ રીતે, 'જ્ઞાન તે આત્મા' એમ કહેતાં ગુણ-ગુણીના ભેદરૂપ વ્યવહાર વચ્ચે

**અર્થો તણું અયથાગ્રહણ, કરુણા મનુજ-તિર્યંચમાં,**
**વિષયો તણો વળી સંગ,—લિંગો જાણવાં આ મોહનાં. ૮૫. –શ્રી પ્રવચનસાર**

આવી જાય છે છતાં તેનું તાત્પર્ય તો આત્મા બતાવવાનું છે, એટલે તે તાત્પર્ય સમજીને શિષ્યની પર્યાય આત્મા તરફ ઝુકે છે ને પરમાર્થ આત્માને અનુભવે છે. એકલા ભેદના વિકલ્પમાં તે નથી અટકતો પણ જ્ઞાનને વિકલ્પથી પાર કરીને તે જ્ઞાનથી અભેદ આત્માને લક્ષમાં લઈ લ્યે છે ને આવો પરમાર્થ આત્મા લક્ષમાં આવતાં જ અતીન્દ્રિય આનંદથી ભરેલા સુંદર જ્ઞાનતરંગ આત્મામાં ઉલ્લસે છે.

—આ રીતે આવો પરમાર્થ આત્મા સમજાવવો તે શાસ્ત્રનું પ્રયોજન છે. આત્મા જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ છે—એમ વાણીમાં ભલે ભેદથી કથન આવે, પણ ઉપદેશકના લક્ષમાં તે વખતે જ અભેદ આત્મા છે, તે શ્રોતા પણ એવો પાત્ર છે કે ભેદને મુખ્ય ન કરતાં અભેદ આત્માને લક્ષમાં લઈને પરમાર્થસ્વરૂપ સમજી જાય છે. આ રીતે ભૂતાર્થ સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે માટે જિનોપદેશનો આ મહાન સિદ્ધાંત છે કે ભૂતાર્થ જ આશ્રય કરવા યોગ્ય છે ને વ્યવહાર આશ્રય કરવા યોગ્ય નથી—આ મોક્ષમાર્ગની રીત છે.

## સમ્યગ્દર્શનનો અપૂર્વ મંત્ર

સમયસારની આ ૧૧મી ગાથા તે સમ્યગ્દર્શનની ગાથા છે....જૈનસિદ્ધાંતનું મૂળ રહસ્ય અને નિશ્ચય-વ્યવહારના બધા ખુલાસા આ સૂત્રમાં આચાર્ય ભગવાને ભરી દીધા છે.

શિષ્ય પૂછે છે કે 'વ્યવહાર કેમ અંગીકાર ન કરવો? એટલે જિજ્ઞાસુ શિષ્યે એટલું તો લક્ષમાં લીધું છે કે વ્યવહારરૂપ જે ગુણ-ગુણીભેદનો વિકલ્પ આવે છે તે અંગીકાર કરવા જેવો નથી ને શુદ્ધ આત્મા એક પરમાર્થ જ અનુભવ કરવા જેવો છે એમ આચાર્યદેવ કહેવા માગે છે. તે વાત લક્ષમાં લઈને શુદ્ધાત્માના અનુભવ માટે શિષ્ય પૂછે છે કે પ્રભો ! 'જ્ઞાન તે હું' એવા ભેદરૂપ વ્યવહાર વચ્ચે આવે તો છે, ને તે પરમાર્થનો પ્રતિપાદક છે, તો તે વ્યવહારનયને અંગીકાર કેમ ન કરવો ? ત્યારે શ્રીગુરુ આ ૧૧મી ગાથામાં સમજાવે છે કે—

ભૂતાર્થરૂપ શુદ્ધ આત્માના જ આશ્રયે સમ્યગ્દર્શન છે—માટે તેનો આશ્રય—અનુભવ કરવા જેવો છે અને ગુણ-ગુણીભેદરૂપ વ્યવહારનય—તે અભૂતાર્થ છે,—તે અભૂતાર્થના અનુભવવડે સમ્યગ્દર્શન થતું નથી, માટે તે અભૂતાર્થ એવો વ્યવહારનય આશ્રય કરવાયોગ્ય નથી—એમ જાણવું.


(જુઓ અનુસંધાન પેજ નં. ૧૬ ઉપર)

**શાસ્ત્રો વડે પ્રત્યક્ષઆદિથી જાણતો જે અર્થને,**
**તસુ મોહ પામે નાશ નિશ્ચય; શાસ્ત્ર સમધ્યયનીય છે. ૮૬. –શ્રી પ્રવચનસાર**




# કેવળજ્ઞાન આનંદદાતા છે

(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)
(તા. ૨૯-૪-૪૪, શનિવાર) (ગતાંકથી ચાલુ)



વસ્તુ જે આત્મા છે, તે ગુણથી ભરેલો પિંડ છે. ગુણ કાયમ છે, ગુણની અવસ્થા નવી પ્રગટે અને જુની ટળે—તે નહીં, પણ અહીં તો ગુણની કાયમ એકરૂપ ધ્રુવ અવસ્થા તેનામાં અનંતચતુષ્ટયને જાણવાનું સામર્થ્ય છે એમ બતાવ્યું છે. તે સુખ, આનંદ આદિને જાણવાનું અપ્રગટપર્યાયમાં સામર્થ્ય છે, અને તે જ પર્યાયમાંથી પ્રગટ પર્યાય આવે છે. કારણરૂપ પર્યાયનો ભોગવટો નથી. તે ધ્રુવ છે તેનો ભોગવટો હોય નહીં. પણ કાર્યરૂપ પર્યાયનો ભોગવટો છે. તે કારણરૂપ પર્યાયમાં અનંતચતુષ્ટયને યુગપત્ જાણવાની ધ્રુવ એકરૂપ શક્તિ પડી છે.

વસ્તુ, ગુણ ત્રિકાળ અને તેની વર્તમાન અવસ્થા—ધ્રુવ પર્યાય, તેમાં અનંત-ચતુષ્ટયને યુગપત્ જાણવાનું સામર્થ્ય છે. કાર્યમાં—કેવળજ્ઞાનમાં તો અનંતચતુષ્ટય જણાય છે તેથી તું કાર્યનો મહિમા આપે છે, પણ ખરો મહિમા કાર્યનો નથી, કારણનો જ મહિમા છે. તું કાર્યનો મહિમા કરે છે તે તો પર્યાયનો જ મહિમા છે—ત્રિકાળનો મહિમા નથી. તને જો કારણરૂપ પર્યાયનો મહિમા આવે તો તે મહિમાના જોરે કાર્યરૂપ પર્યાય ઉઘડે છે. એવો આત્મામાં પરમ સ્વભાવ—ત્રિકાળ સ્વભાવ ભર્યો છે.

આત્માનો ધર્મ આત્મામાં ભર્યો છે, બીજે ક્યાંય નથી. અહીં કેવળજ્ઞાન ઉઘડે છે તેનું માહાત્મ્ય નથી, પણ કેવળજ્ઞાન ઉઘડે છે તેના કારણરૂપ જે દ્રવ્ય ત્રિકાળ છે તેનું માહાત્મ્ય છે. આ તો કારણરૂપ ઉપયોગ પરમાત્મરૂપે સ્થિત પડ્યો છે તેની વાત છે. જો આ પર્યાય ન હોય તો વસ્તુ સિદ્ધ થતી નથી, અને આ પર્યાય પ્રગટ હોય તો સંસાર—મોક્ષ સિદ્ધ થતાં નથી. વસ્તુ છે તેનું વિશેષ યુગપત્—એકસાથે બધાને જાણે તેવું શક્તિપણે ન હોય તો વસ્તુ શું? અને તે પ્રગટ હોય તો સંસાર—મોક્ષ શું? માટે બન્ને રીતે ન માનવામાં આવે તો વાંધો આવે છે.

**દ્રવ્યો, ગુણો ને પર્યયો સૌ 'અર્થ' સંજ્ઞાથી કહ્યાં;**
**ગુણ-પર્યયોનો આતમા છે દ્રવ્ય જિન-ઉપદેશમાં. ૮૭.** —**શ્રી પ્રવચનસાર**

સહજદર્શન, સહજજ્ઞાન, સહજચારિત્ર અને સહજસુખ એ અનંતચતુષ્ટય છે, તેને જાણનાર કેવળજ્ઞાન તે આનંદદાતા છે, પણ તે કેવળજ્ઞાનના કારણરૂપ શુદ્ધજ્ઞાન સહજ પરમ શક્તિ તે પણ સહજચતુષ્ટયને જાણવાને સમર્થ અનાદિ અનંત આનંદદાતા છે.

પદ્મપ્રભમલધારીદેવે ગજબની ટીકા કરીને કેટલી વાત ખુલ્લી કરી છે!!!

કેવળજ્ઞાન આનંદદાતા છે, તે તો પર્યાયનો મહિમા છે, પણ ધ્રુવરૂપ ત્રિકાળ એકરૂપ સહજ આનંદ જે કારણરૂપ શક્તિ પડી છે તે દ્રવ્યદષ્ટિનો વિષય છે, તેમાંથી જ કાર્યરૂપ પર્યાય આવે છે.

આત્માનું બહુ માહાત્મ્ય પ્રથમ તો શું આવે! પ્રથમ તો ''આત્મા શું તેના ગુણ શું?'' એમ આવે; આત્મા વર્તમાન પણ એવોને એવો છે એવું માહાત્મ્ય આવ્યા વગર કાર્યરૂપ પર્યાય પ્રગટે નહીં. તારૂં વર્તમાન કોઈ સમયે અધૂરું નથી, માટે તેના ઉપર જોર આપ, તો તને કાળ નડે નહિ, કર્મ નડે નહિ; એવું તે વર્તમાન આખું પડ્યું છે તે વર્તમાનમાં પરિપૂર્ણ અનાદિ અનંત છે, કોઈ સમયે પૂર્ણ નથી એમ નથી. વર્તમાન જે સમય લ્યો તે દરેક સમયે ધ્રુવરૂપ પર્યાય પરિપૂર્ણ હોય છે, તે એક સમયની પરિપૂર્ણ પર્યાયમાંથી એક જ સમયની (ઉત્પાદરૂપ) પ્રગટ પર્યાય આવે છે.

એક સમયમાં વર્તમાનરૂપે પરિપૂર્ણ શક્તિ પડી છે, એટલે પ્રગટમાં પરિપૂર્ણ કાઢવા માટે વર્તમાન પરિપૂર્ણ નથી એમ નથી. એક જ સમયમાં પરિપૂર્ણ છે, બીજા સમયનું બીજા સમયમાં પરિપૂર્ણ છે.

દ્રવ્ય–ગુણની ત્રિકાળી શક્તિ પડી છે, તેની સાથે વર્તમાન શક્તિ પડી છે તે પણ પર્યાયરૂપ શક્તિ છે. એકલી વસ્તુ દ્રવ્ય–ગુણ–પર્યાયથી કૂટસ્થ પડી છે; મોક્ષમાર્ગ તો અપેક્ષાવાળી પર્યાય છે. જ્ઞાનમાં મતિ–શ્રુતાદિના આઠ પ્રકાર પડે છે તે જ્ઞાનની પર્યાયની વાત અહીં નથી લેવી, પણ જ્ઞાનની એક પર્યાય એવી છે કે તેમાં કોઈ પણ પ્રકાર જ નથી, ભેદ જ નથી, એકરૂપ 'ધ્રુવ–વર્તમાન' આખે આખી છે, એવી જ્ઞાનગુણની પર્યાય–તેની વાત લેવી છે. તે વર્તમાન પર્યાય એવી છે કે તે સુખ આદિ અનંત ચતુષ્ટયને જાણવાનું સામર્થ્ય ધરાવે છે, તે શક્તિમાંથી કાર્યરૂપ પર્યાય આવે છે.

બધા ગુણોની શક્તિને તો દ્રવ્યની શક્તિ કહેવાય છે તેની વાત અહીં નથી લેવી. પરંતુ જ્ઞાનના વર્તમાન ઉપયોગના ભેદોની વાત છે. (ક્રમશઃ) ❋

**જે પામી જિન-ઉપદેશ હણતો રાગ-દ્વેષ-વિમોહને,**
**તે જીવ પામે અલ્પ કાળે સર્વદુઃખવિમોક્ષને. ૮૮.** **–શ્રી પ્રવચનસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**सधणो वि होदि णिधणो धणहीणो तह य ईसरो होदि ।**
**राया वि होदि भिच्चो भिच्चो वि य होदि णरणाहो ॥५६॥**

**અર્થ :—**ધનવાન હોય તે નિર્ધન થઈ જાય છે, એ જ પ્રમાણે નિર્ધન હોય તે ઈશ્વર થઈ જાય છે. વળી રાજા હોય તે કિંકર થઈ જાય છે અને કિંકર હોય તે રાજા થઈ જાય છે. ૫૬.

કોઈ પ્રશ્ન કરે કે પૈસાવાળા મોટા કહેવાય?

સમાધાન :—વ્યવહારે બોલાય, પણ તેની પર્યાયમાં મમતા ભજે છે, માટે મમતાવાળા કહેવાય. લક્ષ્મી કાંઈ પર્યાયમાં આવતી નથી, પણ પર્યાયમાં મમતાના પરિણામ છે, તેથી મમતાવાળા કહેવાય. અધર્મી જીવને એકલી મમતા છે, ચૈતન્યનું ભાન નથી. વિચાર કરનારો જાગ્યો નથી. તેને મમતા અને ચૈતન્ય(સ્વભાવ)ની એકતા ભાસે છે. તેથી તેને ધર્મ થતો નથી. તે ધર્મને તો જાણતો નથી પણ મમતાના યથાર્થ સ્વરૂપને પણ જાણતો નથી.

જ્ઞાની જાણે છે કે મમતામાં ચૈતન્ય નથી ને ચૈતન્યમાં મમતા નથી, એમ નક્કી કરતાં ચૈતન્યનું જ્ઞાન થતાં મમતાનું જ્ઞાન પણ થઈ જાય છે. જ્ઞાની સમજે છે કે પૂર્વ પુણ્યના યોગે જે સંયોગો મળવાના તે મળવાના. અજ્ઞાની માને છે કે વહેલા ગયા હોત તો વધારે રૂપિયા મળત, એમ તે પર સાથે એકત્વબુદ્ધિ કરે છે.

હવે કહે છે કે રાજા હોય તે કિંકર થઈ જાય છે. તેનું કારણ? ખરેખર કિંકર થવાનો સમય હતો માટે થયો છે. બહારથી પૂર્વના કર્મનું કારણ છે. કોઈ નોકર હોય તે રાજા થઈ જાય છે. જ્ઞાની જીવ ચિદ્‌ઘનનો વિચાર કરતાં સંયોગનું જ્ઞાન કરે છે. ધર્મીને અનુકૂળ સંયોગોને લીધે અભિમાન થતું નથી.

જુઓ, આ ૫૬મી ગાથા છે. ૫ અને ૬ નો સરવાળો કરવાથી ૧૧ એટલે કે બે એકડા થાય છે. એકો બાદશાહ છે તે મોટો છે. તેમ આ ૫૬મી ગાથા આજે આવેલ છે.

**જે જ્ઞાનરૂપ નિજ આત્મને, પરને વળી નિશ્ચય વડે**
**દ્રવ્યત્વથી સંબદ્ધ જાણે, મોહનો ક્ષય તે કરે. ૮૯. –શ્રી પ્રવચનસાર**

આ માનસ્તંભની મોટી ભેરી વગાડી છે. સત્ય સમજવું હોય તો વીતરાગમાર્ગમાં છે, એમ માનસ્તંભ જાહેર કરે છે.

ચૈતન્ય અને રાગની વચ્ચેનું ભેદજ્ઞાન ધીરજવાળો કરી શકે છે. અહીંની વાત ન સમજાય તો ભટકાય તેવી છે. એટલે કે નવાને એકદમ ખ્યાલમાં ન આવે એવી છે, માટે ધીરજથી સાંભળવું જોઈએ. અનંતકાળના અનંત ભવોમાં રાગ શું? ચૈતન્ય શું? ધર્મ શું?—તે યથાર્થ રુચિપૂર્વક સાંભળ્યું નથી. જ્ઞાનીના કહેવાનો ભાવ પોતાને બેસે તો વાત સાંભળી કહેવાય. જ્ઞાની સંસાર ભાવના વિચારતાં વિચારે છે કે રંકથી રાજા થાય, રાજામાંથી રંક થાય એ બધો સંયોગી સ્વભાવ છે, તેમાં તેને અદ્‌ભુતતા લાગતી નથી.

વળી કેટલાક જીવો માને છે કે આપણી પાસે નીતિથી રળેલો પૈસો છે, માટે તે જશે નહિ. કષાયમંદતા તો જીવની પર્યાય છે તેને લીધે જડ રહેતું હશે? ને અનીતિના ભાવને લીધે લક્ષ્મી રહે નહિ એમ પણ નથી. અનીતિવાળો હતો માટે કિંકર થઈ ગયો, એમ પણ નથી ને નીતિવાળો હતો માટે પૈસા આવ્યા, એમ પણ નથી.

ધર્મી જીવ જાણે છે કે પૂર્વના પુણ્યને લીધે પૈસા આવે-જાય છે. તેમાં તેને વિસ્મય થતું નથી. જ્ઞાની જીવ ગરીબ થઈ જાય તો તેને શંકા પડતી નથી કે મારામાં અનીતિ હશે, તેથી મને નિર્ધનતા મળી હશે? ને કોઈ અનીતિવાળો કમાઈ જાય તે તેના કુટુંબમાં કોઈ નીતિવાળો હશે એટલે તેના પુણ્યને લીધે બીજાને પૈસા આવી જાય એમ બનતું નથી. ધર્મી સમજે છે કે જડ પરમાણુ તેના કાળે આવે છે. વ્યવહારે તે તે જીવનું કર્મ નિમિત્ત છે.

**सत्तू वि होदि मित्तो मित्तो वि यए जायदे तहा सत्तू ।**
**कम्मविवागवसादो एसो संसारसब्भावो ।।५७।।**

**અર્થ :—**કર્મોદયવશથી વેરી હોય તે તો મિત્ર થઈ જાય છે તથા મિત્ર હોય તે વેરી થઈ જાય છે. એવો જ સંસારનો સ્વભાવ છે. ૫૭.

કોઈ દુશ્મન હોય તે મિત્ર થઈને આવે ને ખબર પૂછે. ધર્મી સમજે છે કે પૂર્વના પુણ્યને લીધે એમ બને છે, પણ તે પુણ્ય હોય તો ઠીક પડે એમ ઇચ્છવા જેવું નથી. વેરી મિત્ર બની જાય એમ ઇચ્છનારો કર્મની ભાવના ભાવે છે. મિત્ર તો પોતાનો આત્મા છે. કોઈ વેરી હતો ત્યારે તેને જાણવાની જ્ઞાનની લાયકાત હતી, તેનો નિષેધ કરવા જાય તો જ્ઞાનપર્યાયનો નિષેધ થઈ જાય છે. આ જ્ઞેય નહિ જોઈએ એમ જ્ઞેયનો નકાર કરનાર જ્ઞાનપર્યાયનો નિષેધ કરે છે.

**તેથી યદિ જીવ ઇચ્છતો નિર્મોહતા નિજ આત્મને,**
**જિનમાર્ગથી દ્રવ્યો મહીં જાણો સ્વ-પરને ગુણ વડે. ૯૦. –શ્રી પ્રવચનસાર**

વેરી છે તેને દૂર કરવાનો તારો સ્વભાવ નથી પણ તેને જાણવાનો તારો સ્વભાવ છે. કોઈ મિત્ર હોય તે વેરી થઈ જાય તો તેને પણ જાણવાનો સ્વભાવ છે, પણ મિત્રને પ્રેમ કરવો તે વસ્તુમાં(સ્વભાવમાં) નથી. કોઈ ધર્મી જીવને પૂર્વના પાપના યોગે વેરી વધી જાય ને પાપીઓને મિત્રો વધી જાય તો તેથી જ્ઞાનીને વિસ્મયતા થતી નથી, જ્ઞાનીને સ્વ-પરપ્રકાશક જ્ઞાનમાં દ્રઢતા થાય છે. આમ કેમ ? એવી શંકા થતી નથી. ધર્મના કારણે મિત્ર આવ્યા છે એમ પણ નથી ને પાપના કારણે શત્રુ આવ્યા છે એમ પણ નથી. સૌ સ્વતંત્ર છે.

આમ સંયોગોના સ્વભાવને તથા રાગનો સ્વભાવને જાણીને જ્ઞાનસ્વભાવને ઓળખી જ્ઞાનમાં ઠરવું તે કર્તવ્ય છે.

આ બાર ભાવનાનો અધિકાર છે.

ધર્મી જીવ સંસાર ભાવનાનો વિચાર કરે છે. સંસાર તે વિકાર છે ને દુઃખરૂપ છે, અને અંતરમાં મારો સ્વભાવ ત્રિકાળ આનંદદાયક છે—એમ જેને ભાન થયું છે ને પર્યાયબુદ્ધિ છૂટી ગઈ છે—એવો જીવ સંસાર ભાવનાનો યથાર્થ વિચાર કરી શકે છે. સુખદાયક આત્માની દ્રષ્ટિ થઈ હોય તે જ દુઃખદાયક સંસારનો વિચાર કરી શકે છે. અંતરમાં જેને શુદ્ધ સ્વભાવનો ભરોસો આવ્યો છે ને પર્યાયમાં હજી કાંઈક રાગ પણ છે, તે એમ વિચારે છે કે અહો! આત્માની પર્યાયમાં થતો વિકાર, તેનાથી બંધાતું કર્મ અને તેના નિમિત્તે મળતો સંયોગ—તેમાં મારું સુખ નથી, વિકાર કે સંયોગ તરફના વલણને દુઃખરૂપ જાણીને અને સ્વભાવને સુખદાયક જાણીને ધર્મી જીવ સ્વભાવમાં એકાગ્રતા વધારતો જાય છે, તે જ ખરી સંસાર ભાવના છે.

ધર્મી એમ વિચારે છે કે આ સંસારમાં વેરી પણ પુણ્યકર્મના ઉદયથી મિત્ર થઈ જાય છે. આત્માના વિકલ્પને લીધે સામો જીવ મિત્ર કે શત્રુ થતો નથી, પણ તે સંસારની વિચિત્રતા અનુસાર બને છે. અહીં જરાક દ્વેષ પરિણામ હોય છતાં સામો જીવ અનુકૂળતાથી વર્તે અને પોતે સામા જીવને અનુકૂળતાનો ભાવ કરે છતાં સામો જીવ દ્વેષભાવે વર્તે; પુણ્ય-પાપ અનુસાર તેવો સંયોગ બને છે. પૂર્વના પુણ્યપરિણામથી જે કર્મ બંધાયું તેના ફળમાં જે અનુકૂળ સંયોગ મળ્યો, તે વખતે ધર્મીને અંદરમાં સ્વભાવની અનુકૂળતા વર્તે છે. એટલે કે સ્વભાવની રુચિ અને ભાવના પ્રગટી છે, તેથી બહારના

શ્રામણ્યમાં સત્તામયી સવિશેષ આ દ્રવ્યો તણી
શ્રદ્ધા નહીં, તે શ્રમણ ના; તેમાંથી ધર્મોદ્ભવ નહીં. ૯૧. —શ્રી પ્રવચનસાર

સંયોગમાં સુખબુદ્ધિ થતી નથી; તે જ જીવને સંસાર ભાવના હોય છે.

વળી ધર્માત્માને બહારમાં પાપનો ઉદય થતાં મિત્ર પણ શત્રુ થઈ જાય છે. છઠ્ઠા ગુણસ્થાને ઝૂલતા મહા ધર્માત્મા મુનિ હોય, તેમને તો કોઈ ઉપર દ્વેષ ન હોય, છતાં કોઈ દેવ આવીને વેરબુદ્ધિથી તેમને ઉપાડીને દરિયામાં ફેંકે અથવા પર્વત ઉપર પછાડે. ત્યાં બહારમાં પ્રતિકૂળતા આવી તે બહારનો સંયોગ છે. મુનિ તો જાણે છે કે હું તો જ્ઞાનસ્વરૂપી છું. ધર્મીને એમ વિચાર આવે કે અરે! આ સંસારની વિચિત્રતા જ એવી છે કે હું અનુકૂળતા રાખવા માગું છતાં સામો જીવ શત્રુ થઈ જાય. એ મારા પરિણામનું કાર્ય નથી. સંયોગ આધીન થયેલા જીવો દુઃખી છે ને સ્વભાવ આધીન જીવો જ સુખી છે. સ્વભાવને ચૂકીને જે જીવો સંયોગાધીન થાય છે તે જીવો દુઃખી જ છે. સુખદાતાર ચૈતન્યનું જેને અવલંબન વર્તે છે તે જ જીવ સંસારને દુઃખદાયકપણે વિચારી શકે છે. કોઈ પણ સંયોગને આધીન જેની બુદ્ધિ છે તે જીવ સંસારને ખરેખર દુઃખદાયક માનતો નથી. જેને સ્વભાવ આધીન સુખ પ્રગટ્યું છે તે જ જીવ સંસારને દુઃખદાયક જાણીને, સંસાર ભાવના ભાવતાં—ભાવતાં પોતાના સ્વભાવમાં એકાગ્રતા વધારતો જાય છે. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૧૦ થી ચાલુ)

''જ્ઞાન-દર્શન-ચારિત્ર તે આત્મા'' ઈત્યાદિ જે ભેદ છે તે વ્યવહાર છે, ને તેને લક્ષમાં લેનારું જ્ઞાન તે વ્યવહારનય છે. પણ અહીં અધ્યાત્મશૈલીમાં નય અને નયના વિષયને અભેદ ગણીને વ્યવહારનયને અભૂતાર્થ ગણ્યો અને ભૂતાર્થ સ્વભાવને દેખનારો જે શુદ્ધનય, તેને જ ભૂતાર્થ કહ્યો. શુદ્ધનય પોતે તો પર્યાય છે પણ ભૂતાર્થ સ્વભાવ સાથે અભેદ કરીને તે શુદ્ધનયને જ આત્મા કહ્યો, ને તેને ભૂતાર્થ કહ્યો. વ્યવહારનયના વિષયરૂપ ભેદ-વિકલ્પો તે અભૂતાર્થ છે, ને તેને વિષય કરનાર વ્યવહારનનયને પણ અભૂતાર્થ કહ્યો છે. આ રીતે નય અને નયના વિષયને અભેદ કરીને કહેવાની અધ્યાત્મની ખાસ શૈલી છે.

સર્વજ્ઞદેવ ને મહામુનિવર સંતોએ ભૂતાર્થરૂપ શુદ્ધ આત્માના આશ્રયે જ સમ્યગ્દર્શન કહ્યું છે. સમ્યગ્દર્શન શુદ્ધઆત્માને દેખે છે, ભેદ કે વિકલ્પરૂપ વ્યવહારના આશ્રયે શુદ્ધાત્મા અનુભવમાં આવતો નથી. (ક્રમશઃ) ❊

**આગમ વિષે કૌશલ્ય છે ને મોહદ્રષ્ટિ વિનષ્ટ છે,**
**વીતરાગ-ચરિતારૂઢ છે, તે મુનિ-મહાત્મા 'ધર્મ' છે. ૯૨. –શ્રી પ્રવચનસાર**



# સર્વજ્ઞની સિદ્ધિ અને સાચા જૈનીનું કાર્ય

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

પ્રશ્ન :—અમે પહેલેથી કુદેવાદિમાં પણ પ્રીતિ કરી નથી અને કુદેવાદિ માટે પણ ખર્ચ કર્યું નથી, તો હવે અહીં પણ અમે ખર્ચ કરતા નથી તેથી અમને કપટ તો નથી?

ઉત્તર :—છોકરો માંદો પડ્યો હોય ત્યાં કુદેવાદિની માનતા અગર તો દવા કરે તેમાં કોઈ કહે કે રૂા. ૫૦૦૦ ખરચવા પડશે, તો ત્યાં પ્રેમપૂર્વક આનાકાની કર્યા વગર હા પાડે; અને અહીં દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના વગેરે કાર્યોમાં જ્યાં તન-મન-ધન ખર્ચવાની વાત આવે ત્યાં બહાના બતાવે કે વીતરાગને તો કાંઈ ખપતું નથી, અને શાસનની પ્રભાવના તો શાસનના પુણ્ય હશે તો થશે, તો એ રીતે ખોટા બહાના વીતરાગમાર્ગમાં ચાલશે નહીં. વીતરાગને કાંઈ ખપતું નથી એ ખરું, પણ તું તારો રાગ ઘટાડને! તને તૃષ્ણા ઘટાડવાની કોણે ના પાડી? સંસારની શોભા ખાતર વેવાઈ— વેવલાને સારું લગાડવા માટે તન-મન-ધન ખર્ચો છો અને અહીં સર્વજ્ઞ વીતરાગદેવ-ગુરુ-ધર્મની ભક્તિ, પ્રભાવના ખાતર તન-મન-ધન ખર્ચવાનો ઉલ્લાસ નથી આવતો તો તમને વીતરાગદેવની શ્રદ્ધા જ નથી.

પ્રશ્ન :—આરંભ—પરિગ્રહના કાર્યોની તો ભગવાને ના પાડી છેને?

ઉત્તર :—તને આરંભ-પરિગ્રહનું ભાન જ ક્યે દી' હતું? સ્વરૂપમાંથી નીકળીને પરભાવમાં પ્રવૃત્તિ તે જ આરંભ—પરિગ્રહ છે. પોતાના સ્વરૂપની ઊંધી માન્યતા તે પરિગ્રહ છે, ને તે ઊંધી માન્યતાપૂર્વકનું ચારિત્ર તે આરંભ છે. તેથી સ્વરૂપના ભાન વગર આરંભ-પરિગ્રહ અટકાવીશ શી રીતે? આરંભ-પરિગ્રહ બહારમાં નથી પણ પોતાના ભાવમાં છે. સંસાર તરફના અશુભ-પરિણામ તે તીવ્ર આરંભ-પરિગ્રહ છે અને દેવ-ગુરુ પ્રત્યેનો શુભરાગ તે અલ્પ આરંભ-પરિગ્રહ છે. પ્રથમ ભૂમિકામાં દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેનો શુભરાગ, ભક્તિ, બહુમાન આવ્યા વગર રહે જ નહીં. દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેનો રાગ તે સવારની સંધ્યા સમાન છે, તેની પાછળ પ્રકાશ છે એટલે કે સ્વભાવના જોરે તે શુભરાગને પણ ટાળીને કેવળજ્ઞાનરૂપી સૂર્ય પ્રગટ કરવાનો છે; અને સંસાર સંબંધી કોઈ

**છે અર્થ દ્રવ્યસ્વરૂપ, ગુણ-આત્મક કહ્યાં છે દ્રવ્યને,**
**વળી દ્રવ્ય-ગુણથી પર્યયો; પર્યાયમૂઢ પરસમય છે. ૯૩. –શ્રી પ્રવચનસાર**

પણ શુભરાગ (પરજીવની દયા, દાન, વગેરેના ભાવ) તે સાંજની સંધ્યા સમાન છે, તેની પાછળ અંધકાર છે, અર્થાત્ ચૈતન્યસૂર્ય અલ્પકાળમાં અસ્ત થઈ જવાનો છે. તે શુભરાગ કરતી વખતે જ અહંકાર હોવાથી તેનું ફળ ભોગવવા ટાણે અશુભ પરિણામ કરીને હલકી ગતિમાં રખડવાનો છે.

પ્રશ્ન :—ત્યારે શું અમારે બધું આપી દેવું? પાછળ બાયડી-છોકરાં હશે કે નહિ?

ઉત્તર :—બાયડી-છોકરાં છે તે શું છે? આ દેવ-ગુરુ સાચા છે કે બાયડી-છોકરાં? બાયડી-છોકરાં તો સંસારનું નિમિત્ત છે અને વીતરાગદેવ-ગુરુ તો મુક્તિના નિમિત્ત છે. પરમ વીતરાગદેવ, ગુરુ અને ધર્મને માટે એકવાર બધું અર્પણ કરી દેવાનો ભાવ ન આવે ત્યાં સુધી તેને સાચી ભક્તિ નથી. વર્તમાનમાં તારા બરોબરીયા તેના માનેલા કુદેવ-કુગુરુની ભક્તિ વગેરે કરે છે અને તું કુદેવાદિને ન માનતો હો તોપણ બંગલા, મોટર અને બગીચા-વાડી માટે ધન વગેરે ખર્ચે છે અને વીતરાગદેવ-ગુરુ-ધર્મ માટે ખર્ચવાનો ઉલ્લાસ નથી ઉછળતો, તો તને દેવ-ગુરુનું મહાનપણું ભાસ્યું જ નથી. વીતરાગી દેવ અને ગુરુ મોટા કે તારા બંગલા-વાડી મોટા? જગતના મોટા તારણહાર દેવાધિદેવ અરિહંત પરમાત્મા અને એકાદ ભવે મોક્ષ જનારા પરમગુરુ, તેમનામાં કાંઈ મોટપ તને ભાસી છે કે નહિ?

વીતરાગી દેવ-ગુરુને મોટા કહ્યા તેથી કાંઈ તેઓ કોઈને ફળ આપી દેતાં નથી. પરંતુ દેવ-ગુરુના લક્ષે તું મંદભાવ કર તો તારા ભાવનું ફળ તું પામ. ભગવાન કે ગુરુ તને આપી દેવાના નથી.

કોઈ એમ કહે કે અમને સાચું સમજવાનો વખત જ નથી મળતો! તેને કહે છે કે ભાઈ! તને ધન-કુટુંબ વગેરેની વ્યવસ્થા માટે વખત મળે છે. ધન, કુટુંબ, મકાન, બાયડી, છોકરાં, શરીર અને ઈન્દ્રિયના વિષય વગેરેનું પોષણ કરવા માટે વખત મળે છે તથા તેને માટે તન-મન-ધન ખર્ચે છે અને વીતરાગ દેવ-ગુરુને માટે તને વખત નથી મળતો? જેવી રીતે અન્ય કાર્યોમાં પ્રવર્તો છો તેવી રીતે જો દેવ-ગુરુ-ધર્મને માટે ન પ્રવર્તો તો તમને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે રુચિ જ નથી. બીજા વિવાહાદિક કાર્યોમાં જેમ પદયોગ્ય પ્રવર્તો છો—મોભા પ્રમાણે ખર્ચ કરો છો તેમ જ્યાં જ્યાં દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવના વગેરે

**પર્યાયમાં રત જીવ જે તે 'પરસમય' નિર્દિષ્ટ છે;**
**આત્મસ્વભાવે સ્થિત જે તે 'સ્વકસમય' જ્ઞાતવ્ય છે. ૯૪. –શ્રી પ્રવચનસાર**

અનેક પ્રકારે જરૂર હોય ત્યાં પણ એ જ રીતે પ્રવર્તો છો કે નથી પ્રવર્તતા? અહીં કંજૂસાઈ તો નથી કરતાને? તે તમારા પરિણામનો તમે વિચાર કરી જુઓ. જ્યાં સુધી તમારામાં વિશેષ ધર્મવાસના ન થાય અર્થાત્ આત્મસ્વરૂપના ભાનપૂર્વક સર્વ ત્યાગ થઈને સ્વરૂપની રમણતારૂપ ચારિત્રદશા ન આવે ત્યાં સુધી તેના હિસ્સા જેટલું તન-મન-ધન દેવ-ગુરુ-શાસ્ત્રને માટે લગાવ્યા કરો! ભાઈ! જેમ તું વિવાહાદિક કાર્યોમાં તારા પદયોગ્ય (મૂડી પ્રમાણે) ધન વગેરે ખર્ચે છે તેમ જ્યાં સુધી ગૃહસ્થાશ્રમમાં હો ત્યાં સુધી દેવ-ગુરુ-ધર્મ માટે તેના હિસ્સા પ્રમાણે તન, મન, ધન, ક્ષેત્ર, કાળ, જ્ઞાન, શ્રદ્ધા વગેરેનો ભાગ પાડ! આ બધું તારા ભાવ સુધારવા માટે કહીએ છીએ.

પ્રશ્ન :—ભગવાન ધન, ક્ષેત્ર, વગેરેને શું કરે?

ઉત્તર :—તારે ભગવાનને ક્યાં દેવું છે? ભગવાન માટે કાંઈ કરવું નથી પણ તારી તૃષ્ણા ઘટાડવા માટે દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવનામાં ખરચ. જો તને સત્‌ની રુચિ થઈ છે તો અન્ય સાધર્મીમાં કોને શું પ્રતિકૂળતા છે એ તપાસીને તેમને શાસ્ત્ર આદિની જરૂરિયાત પૂરી પાડવી વગેરે કાર્યોમાં તારી પદવીયોગ્ય હિસ્સો કાઢ. અહીં મૂડી પ્રમાણે—પદયોગ્ય—ખર્ચવાનું કહ્યું છે; દસ લાખની મૂડી હોય તેમાંથી સો-બસો રૂપિયા વાપરે તે પદયોગ્ય ન કહેવાય. જેટલું દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પ્રભાવના વગેરેમાં ખર્ચ્યું તેટલું તારી પાસે રહેવાનું છે અને બાયડી-છોકરાં માટે જે સંઘર્યું છે તેની એક પાઈ પણ તારી સાથે રહેવાની નથી. લૌકિકમાં પણ વિવેક કરતાં આવડે છે તો અહીં પણ વિવેક કરવો જોઈએ. એક દૃષ્ટાંત :—એક ડોશી હતી, તેને દીકરાની વહુ સાથે બનતું નહિ અને પોતાની દીકરી ઉપર પ્રેમ હતો. એક વાર તેનો દીકરો ધન કમાણો એટલે દીકરો તેને કહે કે મા! આપણે કમાણાં છીએ તો હવે વહુને અને બેનને માટે હજાર-હજાર રૂપિયાના ઘરેણાં કરાવશુંને? ત્યારે ડોશીએ વિચાર્યું કે દીકરીને માટે જે ઘરેણાં કરાવશું તે તો દીકરીને પરણાવતાની સાથે આપી દેવા પડશે એટલે તે ઘરમાં રહેશે નહીં, અને આ દીકરાની વહુને માટે જેટલા ઘરેણાં કરાવશું તે તો ઘરમાં જ રહેવાના છે. આવો વિચાર કરીને, જો કે દીકરાની વહુ સાથે બનતું નહિ છતાં, કહ્યું કે ભાઈ! વહુને માટે હજારના ઘરેણાં ભલે કરાવો, પણ બેનને માટે તો બસો-ત્રણસોના કરાવશો તોપણ ચાલશે. જો કે ડોશીને તો તીવ્ર મમતા છે, પણ અહીં તો કેટલું ઘરમાં રહેશે અને કેટલું બહાર જશે તેનો વિવેક ડોશીએ કર્યો એટલું જ દૃષ્ટાંતમાંથી લેવાનું છે. (ક્રમશઃ) ❊

**છોડ્યા વિના જ સ્વભાવને ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત છે,**
**વળી ગુણ ને પર્યય સહિત જે, 'દ્રવ્ય' ભાખ્યું તેહને. ૯૫.　　—શ્રી પ્રવચનસાર**

# જ્ઞાનદાન અર્થાત્ શાસ્ત્રદાનનું વર્ણન

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

અહો, આ તો વીતરાગમાર્ગ છે. વીતરાગનો માર્ગ તો વીતરાગ જ હોય ને! વીતરાગભાવની વૃદ્ધિ થાય એ જ સાચી માર્ગપ્રભાવના છે. રાગને જે આદરણીય બતાવે તે જીવ વીતરાગમાર્ગની પ્રભાવના કેમ કરી શકે? એને તો રાગની જ ભાવના હોય. જૈનધર્મના ચારે અનુયોગના શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ધર્મી જીવ વીતરાગી તાત્પર્ય બતાવીને તે ચારે અનુયોગનો પ્રચાર કરે. તીર્થંકરાદિ મહાન ધર્માત્માઓના જીવનની કથા, તેમનાં આચરણનું વર્ણન, કરણાનુયોગમાં ગુણસ્થાન વગેરેનું વર્ણન ને દ્રવ્યાનુયોગમાં અધ્યાત્મનું વર્ણન—એ ચારે પ્રકારના શાસ્ત્રોમાં વીતરાગતાનું જ તાત્પર્ય છે. તે શાસ્ત્રનો બહુમાનપૂર્વક પોતે અભ્યાસ કરે ને પ્રચાર કરે. જેમ ઝવેરાતના દાગીનાને કે કિંમતી વસ્ત્ર વગેરેને કેવા પ્રેમથી સાચવીને ઘરમાં રાખે છે,—એના કરતાંય વિશેષ પ્રેમથી શાસ્ત્રોને ઘરમાં બિરાજમાન કરે, અને શણગારીને એનું બહુમાન કરે.—એ બધો જ્ઞાનનો વિનય છે.


શાસ્ત્રદાન સંબંધમાં કુંદકુંદસ્વામીના પૂર્વભવનો દાખલો પ્રસિદ્ધ છે; પૂર્વભવમાં તેઓ એક શેઠને ત્યાં ગાયોના ગોવાળ તરીકે હતા. એક વાર તે ગોવાળને વનમાંથી કોઈ શાસ્ત્ર મળી આવ્યું; તેણે અત્યંત બહુમાનપૂર્વક કોઈ મુનિરાજને તે શાસ્ત્રનું દાન કર્યું. તે વખતે અવ્યક્તપણે જ્ઞાનના અચિંત્યમહિમાનો કોઈ ભાવ જાગ્યો; ત્યાંથી તે શેઠને ઘેર જ જન્મ્યા; નાની ઉંમરમાં જ મુનિ થયા ને જ્ઞાનના અગાધ દરિયા તેમને ઉલ્લસ્યા. અહા, એમણે તો તીર્થંકરપરમાત્માની દિવ્યવાણી સાક્ષાત્ સાંભળી, ને ભરતક્ષેત્રમાં જ્ઞાનના ધોધ વહેવડાવ્યા. એમને અંતરમાં જ્ઞાનની ઘણી શુદ્ધિ પ્રગટી, ને બહારમાં પણ શ્રુતની મહાન પ્રતિષ્ઠા આ ભરતક્ષેત્રમાં તેમણે કરી. અહા, એમના નિજવૈભવની શી વાત! જ્ઞાનદાનથી એટલે કે જ્ઞાનના બહુમાનના ભાવથી જ્ઞાનનો ક્ષયોપશમભાવ ખીલે છે; અને અહીં તો એનું ઉત્કૃષ્ટ ફળ બતાવતાં કહે છે કે તે જીવ થોડા ભવમાં કેવળજ્ઞાન પામશે, તેને સમવસરણની શોભા રચાશે ને ત્રણ લોકના જીવો તેનો ઉત્સવ કરશે. કેમકે જ્ઞાનાનંદસ્વભાવની આરાધના ભેગી વર્તે છે એટલે આરાધકભાવની ભૂમિકામાં આવા ઊંચા પુણ્ય બંધાય છે; તેમાં ધર્મીનું લક્ષ જ્ઞાનસ્વભાવની આરાધના ઉપર છે, રાગ કે પુણ્ય

**ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશથી, ગુણ ને વિવિધ પર્યાયથી**
**અસ્તિત્વ દ્રવ્યનું સર્વદા જે, તેહ દ્રવ્યસ્વભાવ છે. ૯૬. –શ્રી પ્રવચનસાર**

ઉપર તેનું લક્ષ નથી; તે તો વચ્ચે અનાજની સાથે રાડાંની જેમ સહેજે આવી જાય છે.

જ્ઞાનસ્વભાવની આરાધનાથી ધર્મી જીવ સર્વજ્ઞપદને સાધે છે. તેને કોઈ વાર એમ પણ થાય કે, અરે ! અમે ભગવાન પાસે હતા, ભગવાનની વાણી સાંભળતા, ને ભગવાન પાસે પ્રશ્નોનું સીધું સમાધાન મેળવતા; હવે ભરતક્ષેત્રમાં ભગવાનનો વિરહ થયો, કોને પ્રશ્ન પૂછશું ? ને કોણ સમાધાન કરશે ?—ધર્માત્માને સર્વજ્ઞપરમાત્માનો આવો વિરહ ઊગે છે. ભરતચક્રવર્તી જેવાનેય ઋષભદેવપ્રભુ મોક્ષ પધાર્યા ત્યારે આવો વિરહ થયો હતો. અંદર પોતાને પૂર્ણ જ્ઞાનની ભાવના છે, કે અરે ! આ પંચમકાળે અમારા સર્વજ્ઞપદનો અમને વિરહ ! એટલે નિમિત્તમાંય સર્વજ્ઞના વિરહ સાલે છે. આ ભરતક્ષેત્રમાં કુંદકુંદપ્રભુને વિચાર થયો—અરે નાથ ! પંચમકાળમાં આ ભરતક્ષેત્રે તારા વિરહ પડ્યા; સર્વજ્ઞતાના વિરહ પડ્યા.—આમ સર્વજ્ઞ પ્રત્યે ભક્તિનો ભાવ ઉલ્લસ્યો, ને તેમને ચિંતવવા લાગ્યા. ત્યાં પુણ્યનો યોગ હતો ને પાત્રતા પણ ઘણી હતી, તેથી સીમંધરભગવાન પાસે જવાનું બન્યું. અહા, ભરતક્ષેત્રના માનવી દેહસહિત વિદેહક્ષેત્રે ગયા, ને ભગવાનના ભેટા થયા. ભગવાનની દિવ્યધ્વનિ સીધે સીધી ઝીલીને તેમણે આ ભરતક્ષેત્રમાં શ્રુતજ્ઞાનના ધોરિયા વહાવ્યા. એમને આરાધકભાવનું જોર ઘણું ને સાથે પુણ્યનો પણ મહાન યોગ. એમણે તો તીર્થંકર જેવું કામ કર્યું છે.

આરાધકના પુણ્ય લોકોત્તર હોય છે, તીર્થંકરનો જીવ ગર્ભમાં આવવાને છ મહિનાની વાર હોય, હજી તો તે જીવ (શ્રેણીક વગેરે કોઈ) નરકમાં હોય કે સ્વર્ગમાં હોય, ત્યાં તો ઈન્દ્ર-ઈન્દ્રાણી અહીં આવીને તેમના માતા-પિતાનું બહુમાન કરે કે ધન્ય રત્નકુંખધારિણી માતા ! છ મહિના પછી આપની કુંખે ત્રણ લોકના નાથ તીર્થંકર આવવાના છે.—આમ બહુમાન કરે. ને જ્યાં તે જન્મવાના હોય ત્યાં રોજરોજ કરોડો રત્નોની વૃષ્ટિ થવા માંડે. છ મહિના પહેલાં નરકમાં પણ તે જીવને ઉપદ્રવો શાંત થઈ જાય. તીર્થંકરપ્રકૃતિનો ઉદય તો પછી તેરમા ગુણસ્થાને કેવળજ્ઞાન થશે ત્યારે આવશે, પણ ત્યાર પહેલાં તેની સાથે આવા પુણ્ય હોય છે. (અહીં ઉત્કૃષ્ટ પુણ્યની વાત છે; બધાય આરાધક જીવને આવા પુણ્ય હોય–એવું નથી, પણ તીર્થંકર થનાર જીવને આવા પુણ્ય હોય છે.) આ તો બધી અચિંત્ય વાતું છે. આત્માનો સ્વભાવ પણ અચિંત્ય, ને તેનો જે આરાધક થયો એનાં પુણ્ય પણ અચિંત્ય ! આવા આત્માના લક્ષે શ્રાવક-ધર્માત્મા જ્ઞાનદાન કરે છે, તેમાં તેને રાગનો નિષેધ છે ને જ્ઞાનનો આદર છે, તેથી તે કેવળજ્ઞાન પામીને તીર્થંકર થશે, ત્રણ લોકના જીવો તેનો ઉત્સવ કરશે ને એની દિવ્યધ્વનિથી ધર્મનો ધોખમાર્ગ ચાલશે. આ રીતે જ્ઞાનદાનનું વર્ણન કર્યું.



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૨૧

ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ–દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને—ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે—એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. ૨૧.

**‘ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો.’**

પ્રભુ! તારી પ્રભુતાની વાતો ઝીણી છે. ભગવાન પણ તે પૂરણ કહી શક્યા નથી.

‘જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦’

ભગવાન આત્મા અંદર ચૈતન્યનૂરનું પૂર છે. એમાંથી ઊગેલી ભાવના યથાર્થ હોય તે ફળે જ. અહીં ‘યથાર્થ’ ઉપર વજન છે, કલ્પના કરીને નહિ. જેવી ચીજ છે તેવી ભાવના હોય તો તે ફળ્યે જ છૂટકો. તે ભાવનામાંથી કેવળજ્ઞાન આવ્યે જ છૂટકો. બીજ ઊગી ને પૂનમ ન થાય એમ ત્રણ કાળમાં બને જ નહિ, પૂનમ થાય જ; એમ જેને અંદર આત્મામાં સમ્યક્ત્વરૂપી બીજ ઊગી, અંતરમાં રાગદ્વેષથી રહિત થઈ ચૈતન્યની બીજ ઊગી—પરિણમેલી દશા ઊગી તે બીજ છે—, તે બીજમાંથી પૂર્ણતા થયે જ છૂટકો. સમ્યગ્દર્શનની પરિણતિ થઈ એટલે કેવળજ્ઞાન લીધે જ છૂટકો. બીજ પછી તેર દિવસે પૂનમ થાય તેમ સમ્યગ્દર્શન થતાં એક-બે અથવા તો થોડા ભવમાં કેવળજ્ઞાન આવ્યા વગર રહેતું નથી.

બેન વિચારીને અનુભવમાંથી બોલતાં હતાં. બેનનાં વચનો છે; અનુભૂતિમાંથી

**વિધવિધલક્ષણીનું સરવ-ગત ‘સત્ત્વ’ લક્ષણ એક છે,**
**—એ ધર્મને ઉપદેશતા જિનવરવૃષભ નિર્દિષ્ટ છે. ૯૭.　　　–શ્રી પ્રવચનસાર**

નીકળ્યાં છે; અંતર આનંદના અનુભવમાંથી આવેલી વાત છે. ઝીણી વાત, બાપુ! બહુ સાદી ભાષા!

ચૈતન્યને ચૈતન્યમાંથી યથાર્થ ભાવના, બાહ્ય કોઈ પણ વર્તન કે વિકલ્પની જ્યાં અપેક્ષા નથી એવી સાચી ભાવના, હોય તો તે ફળે જ છે. 'આ જ કરવાનું છે' એમ જે ચૈતન્યની ભાવના પરિણમી તે પૂરણ ફળ્યે જ છૂટકો. એનું ફળ પૂરણ આવશે જ.

**'જો ન ફળે તો જગતને—ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ.'**

અહીં એ કહે છે કે—નિત્યાનંદનો નાથ આત્મા અંદર બિરાજે છે; તેની, રાગ-દ્વેષ વિનાની, ભાવના જો ન ફળે તો આત્મદ્રવ્ય જ ન રહે; જો દ્રવ્ય ન રહે તો જગત શૂન્ય થઈ જાય; પણ એમ કદી બનતું જ નથી. 'ભાવના ફળે જ' એમ પહેલાં અસ્તિથી વાત કરી અને 'ન ફળે તો જગતને શૂન્ય થવું પડે અથવા તો આ આત્મદ્રવ્યનો જ નાશ થઈ જાય' એમ અહીં નાસ્તિથી વાત કરે છે.

રાગદ્વેષથી રહિત થઈને ચૈતન્યની ભાવના થાય તો કેવળજ્ઞાન થયે જ છૂટકો. જો એક ભાવનાનું ફળ ન આવે તો દરેક—બધી—ભાવનાનું ફળ ન આવે; એમ થતાં વિકારી ભાવનાનું ફળ એવું આ જગત—ચાર ગતિ ને ૮૪ લાખ યોનિ વગેરે બધું—શૂન્ય થઈ જાય. પાપ-પરિણામનું ફળ નરક-નિગોદ આદિ ન આવે, પુણ્યપરિણામનું ફળ સ્વર્ગ-મનુષ્યપણું ન આવે ને ચૈતન્યમાં એકાગ્રતાના પરિણામનું ફળ કેવળજ્ઞાન ન આવે. એ રીતે સંસાર-મોક્ષનો અભાવ થવાથી જગતને શૂન્ય થવું પડે. પણ એવું ત્રણ કાળમાં બને નહિ.

મનુષ્ય કોને કહીએ? 'मन्यते–मनुते जानाति इति मनुष्य' આત્માનું સ્વરૂપ જાણે તે ખરેખર મનુષ્ય છે, બાકી બધાને પશુ કહીએ. ચૈતન્યસ્વરૂપ આત્માને જાણે, તેનું મનન ને ધ્યાન કરે, તે મનુષ્ય. જેને ચૈતન્યની ભાવના—સમ્યગ્દર્શન નથી તે ચાલતાં મડદાં છે. (ક્રમશઃ) ✽

**દ્રવ્યો સ્વભાવે સિદ્ધ ને 'સત્'—તત્ત્વતઃ શ્રી જિનો કહે;**
**એ સિદ્ધ છે આગમ થકી, માને ન તે પરસમય છે. ૯૮. –શ્રી પ્રવચનસાર**

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—વિકાર થાય છે તે ચારિત્રગુણની પર્યાયની જ લાયકાત છે, તો પછી જ્યાં સુધી ચારિત્રગુણની પર્યાયમાં વિકાર થવાની લાયકાત હોય ત્યાં સુધી વિકાર થયા જ કરે, એમ થતાં વિકારને ટાળવાનું જીવને આધીન રહ્યું નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એકેક સમયની સ્વતંત્ર લાયકાત છે એવો નિર્ણય ક્યા જ્ઞાનમાં કર્યો ? ત્રિકાળીસ્વભાવ તરફ ઢળ્યા વગર જ્ઞાનમાં એકેક સમયની પર્યાયની સ્વતંત્રતાનો નિર્ણય થઈ શકે નહિ અને જ્યાં જ્ઞાન ત્રિકાળીસ્વભાવમાં ઢળ્યું ત્યાં સ્વભાવની પ્રતીતિના જોરે પર્યાયમાંથી રાગ-દ્વેષ થવાની લાયકાત ક્ષણે ક્ષણે ઘટતી જ જાય છે. જેણે સ્વભાવનો નિર્ણય કર્યો તેની પર્યાયમાં લાંબોકાળ રાગ-દ્વેષ રહે એવી લાયકાત હોય જ નહિ, એવું જ સમ્યક્‌નિર્ણયનું જોર છે.

શ્રોતા :—વર્તમાન પર્યાયમાં તો અધૂરું જ્ઞાન છે, તો તે અધૂરા જ્ઞાનમાં પૂરા જ્ઞાનસ્વભાવની ખબર શી રીતે પડે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જેમ આંખ દોઢ તસુની હોવા છતાં આખા શરીરને જાણી લે છે, તેમ પર્યાયમાં જ્ઞાનનો વિકાસ અલ્પ હોવા છતાં પણ જો જ્ઞાન સ્વસન્મુખ થાય તો પૂર્ણ જ્ઞાનસ્વરૂપી આત્માને સ્વસંવેદનથી તે જાણે છે. કેવળજ્ઞાન થયા પહેલાં અધૂરા જ્ઞાનમાં પણ સ્વસંવેદન પ્રત્યક્ષથી પૂર્ણ જ્ઞાનસ્વરૂપી આત્માનો નિઃસંદેહ નિર્ણય થાય છે. જેમ જ્ઞાન બહારમાં સ્થૂળ પદાર્થોને જાણવામાં અટકી રહ્યું છે, તેમ જ્ઞાનને જો અંતર્મુખ કરો તો તે જ્ઞાન આત્માને જાણે છે, જેમ સાકરની નાની કટકી ઉપરથી આખી સાકરના સ્વાદનો નિર્ણય થઈ જાય છે. તેમ જ્ઞાનની અલ્પ પર્યાયને અંતર્મુખ કરતાં તેમાં પૂર્ણ જ્ઞાનસ્વભાવનો નિર્ણય થઈ જાય છે. કોઈ એમ કહે કે 'અધૂરું જ્ઞાન પૂરા જ્ઞાનને ન જાણી શકે, પૂરું જ્ઞાન થાય ત્યારે જ પૂરા આત્માને જાણે'—તો તેની વાત જૂઠી છે. જો અધૂરું જ્ઞાન પૂરા આત્માને ન જાણી શકે તો તો કદી સમ્યગ્જ્ઞાન થાય જ નહિ. અધૂરું જ્ઞાન પણ સ્વસન્મુખ થઈને આખા આત્મસ્વભાવને જાણે છે તથા પ્રતીત કરે છે; આવું જ્ઞાન અને પ્રતીતિ કરે ત્યારે જ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન થાય છે.

**દ્રવ્યો સ્વભાવ વિષે અવસ્થિત, તેથી 'સત્' સૌ દ્રવ્ય છે;**
**ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશયુત પરિણામ દ્રવ્યસ્વભાવ છે. ૯૯.** —**શ્રી પ્રવચનસાર**

## ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના
## વૈરાગ્યપ્રેરક હૃદયોદ્‌ગારો



- ગમે તેવા પ્રસંગો વચ્ચે શાંતિ તે શ્રેયભૂત છે બીજો કોઈ ઉપાય નથી. આકુળતા ઉલટું નુકશાનનું કારણ થશે. પૂર્વના પોતાના જ પરિણામનું ફળ છે, એમ જાણી શાંતિ રાખવી, ભાવના ભાવવી, આત્મરુચિ વધારવી, તે પોતાની સ્વતંત્રતાની વાત છે, તેને બહારના સંયોગો રોકી શકે તેમ નથી.
- દુઃખના સમયે આર્તધ્યાનના ભાવ ઓછા કરીને શાંતિ રાખવી. ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો. બહારમાં પોતાનું ધાર્યું બનતું નથી માટે દેવ-શાસ્ત્ર-ગુરુને યાદ કરવા. દેવ-શાસ્ત્ર-ગુરુને યાદ કરતા પોતાનું દુઃખ ઓછું થઈ જાય છે.
- કેટલા પુણ્ય કર્યા હોય ત્યારે આ મનુષ્યભવ મળે છે, તેમાં સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ મળવા મહા મુશ્કેલ છે, આ બધું મળ્યું તો હવે આત્માની રુચિ પ્રગટ કરવી, મનુષ્ય જીવન કેમ સફળ થાય તે જીવનમાં કરવા જેવું છે.
- અનાદિનો અભ્યાસ છે એટલે બીજા વિચારો આવી જાય છે, તેને પ્રયત્ન કરીને ફેરવી નાખવાં, ભૂલી જવાય તો ફરીને યાદ કરવું, જ્ઞાયકના વિચાર કરવાં. આત્માર્થીએ અમુક ટાઈમ પોતાના સ્વહિતના વિચાર, ચિંતવન માટે લેવો તેવો નિયમ રાખવો.
- અનાદિનો વિભાવનો પ્રવાહ ચાલે છે, એટલે પોતાની તરફ પરિણતિનો પલટો કરવો તે બહુ મુશ્કેલ પડે છે. વારંવાર પુરુષાર્થ કર્યા કરે, તેને છોડે નહિ, થાક લાગે નહિ, તો તેમાં કોઈવાર તીખો પુરુષાર્થ થવાનો પ્રસંગ બનતાં આત્મપ્રાપ્તિ થાય છે.
- આમને આમ અનંતકાળ ચાલ્યો ગયો તો આ મનુષ્ય દેહ જતાં શી વાર લાગશે ? છતાં પણ આંખ ક્યાં ઉઘડે છે ? ધર્મ ધર્મ પોકારવું છે, પુરુષાર્થ કાંઈ કરવો નથી, બેઠા બેઠા કોઈ સમકિત આપે તો લેવું છે !

---

**ઉત્પાદ ભંગ વિના નહીં, સંહાર સર્ગ વિના નહીં;**
**ઉત્પાદ તેમ જ ભંગ, ધ્રૌવ્ય-પદાર્થ વિણ વર્તે નહીં. ૧૦૦.** –શ્રી પ્રવચનસાર



## આજના યુવક બંધુઓને.....
## ...... વિચાર કરવાલાયક





**હે યુવાન બંધુ !**

જેમાં તારા બુદ્ધિ-બળનો સદુપયોગ થાય એવી એક હિતકારી વાત આજે તારા માટે અહીં કરું છું.

**હે બંધુ !**

તું તારા અત્યાર સુધીના જીવનને વિચારપૂર્વક જો, અને વિચાર કર કે અત્યાર સુધીમાં જીવનમાં તેં એવું શું કર્યું છે કે જેથી તારું હિત થાય....તને શાંતિ થાય....અને તારા જીવનની તને સફળતા લાગે !

—જો હજી સુધી તારા જીવનમં તેં એવું કાંઈ પણ કર્તવ્ય ન કર્યું હોય, ને ખોટા માર્ગે જ તેં તારું જીવન વીતાવ્યું હોય,—તો હે બંધુ ! હવે તું જાગ.....જાગીને દૃઢતાપૂર્વક એવું કાંઈક કાર્ય કરવાનો ઉદ્યમી થા કે જેથી તારું હિત થાય.....અને તારા બુદ્ધિ-બળની સફળતા થાય.

**હે યુવાન બંધુ !**

હવે તને એમ જિજ્ઞાસા થશે કે મારે મારા બુદ્ધિ-બળને એવા ક્યા કાર્યમાં રોકવા કે જેથી મારું હિત થાય ને બુદ્ધિ-બળની સફળતા થાય !!

સાંભળ ભાઈ ! જો તને હિતકાર્ય કરવા માટેની જિજ્ઞાસા જાગી છે તો તે માટેનું કર્તવ્ય તને બતાવું છું.

**હે જિજ્ઞાસુ !**

પ્રથમમાં પ્રથમ તું આસ્તિક તો હશે જ. 'આત્મા છે, આત્માને પૂર્વજન્મ છે, મોક્ષ છે'—'એટલું તો તું જરૂર માનતો જ હશે. જો અત્યાર સુધી આ બાબતમાં તે વિચાર ન કર્યો હોય તો હવે આ જ ક્ષણે તેનો વિચાર કરીને માન.

'આત્મા છે, પૂર્વજન્મ છે, મોક્ષ છે,—એવી આસ્તિક્યતા (વિશ્વાસ) કર્યા પછી તું તારી સ્વાધીનતા જાણ....કે હું એક સ્વાધીન જીવ છું, મને કોઈ બનાવનાર નથી તેમજ મારે કોઈ બીજાને આધીન થઈને ગુણ-દોષ કરવા પડે એમ પણ નથી, મારા ગુણ કે દોષ, પુણ્ય કે પાપ, ધર્મ કે અધર્મ, હિત કે અહિત, સંસાર કે મોક્ષ, જ્ઞાન કે અજ્ઞાન—તે બધું મારા જ હાથમાં છે.

આવી આત્મ-સ્વાધીનતા જાણ્યા પછી—'જીવ શું ચીજ છે, તેનું વાસ્તવિક સ્વરૂપ શું છે? કેવા કર્તવ્યથી તેનું અહિત થાય છે ને કેવા કર્તવ્યથી તેનું હિત થાય?—તે જાણવાની જરૂર છે, અને તને પણ ચોક્કસ તે જાણવાની જિજ્ઞાસા થશે. તેથી તે હવે પછી કહીશ.

**હે ઉત્સાહી યુવાન બંધુ!**

હે ઉત્સાહી યુવાન!

તારા સાંસારિક કાર્યોમાં તને સફળતા ન મળી હોય....સંસારમાં ચારે તરફની પ્રતિકૂળતાથી તું ઘેરાઈ ગયેલો હો તોપણ....તું હતોત્સાહ ન થઈશ, નિરાશ ન થઈશ..... મૂંઝાઈને તારા જીવનના ઉત્સાહને તોડી ન નાખીશ....પરંતુ તેવે વખતેય તારા બુદ્ધિ-બળને બરાબર જાગૃત અને સ્થિર રાખીને એમ વિચારજે કે સંસારમાં ગમે તેવી પ્રતિકૂળતાનો પ્રસંગ હોવા છતાં મારાથી મારા હિતનો ઉદ્યમ ન થઈ શકે એવું કદી પણ નથી, કોઈ સંજોગોની એવી તાકાત નથી કે મારા ધાર્મિક ઉત્સાહબળને તોડી શકે!

લૌકિક ભણતર કે વેપાર, ગૃહવાસ કે નોકરી વગેરે લૌકિક કાર્યોમાં સફળતા કે નિષ્ફળતાનું કારણ જુદું છે, ને ધાર્મિક બળ તેનાથી તદ્દન જુદી ચીજ છે. માટે હે ભાઈ! તને ફરી ફરી કહેવાનું કે—જગતથી તું ભલે નાસીપાસ થયો હો.....પણ તારા આત્મહિત માટેના ઉત્સાહમાં તું નાસીપાસ ન થઈશ....અત્યારે આ ઘડીએ જ તારા સમસ્ત બુદ્ધિબળનો ઉપયોગ આત્મહિતને માટે કરવાનો તું નિર્ણય કર. બસ! આ નિર્ણય કરતાં જ તેની દૃઢતાના જોરે તારા જીવનમાં એક નવી દિશા ખૂલશે અને અત્યાર સુધીમાં તને ન થઈ હોય એવી શાંતિ થશે.

જીવનમાં અનેકવિધ પ્રતિકૂળતા આવવી તે કાંઈ અસાધારણ વાત નથી, પરંતુ તે પ્રસંગે પોતાના બુદ્ધિબળને સ્થિર રાખીને પ્રતિકૂળતા સામે પણ પોતાના ધાર્મિક ઉત્સાહને ટકાવી રાખવો ને હિતકર્તવ્યમાં ઉદ્યમી થવું તે જ સાચો પુરુષાર્થ છે.

**હે યુવકભાઈ!**

જગતના કાર્યોમાં જો તને નિષ્ફળતા મળતી હોય તો તું સમજ કે પૂર્વજન્મમાં તે પાપકાર્યો કરેલાં છે....અને જગતમાં સફળતા થતી હોય તો તું એમ સમજ કે તે તારા પૂર્વજન્મના પુણ્યકાર્યોનું જ ફળ છે—પરંતુ જેનાથી તારા આત્માનું હિત થાય એવું ધર્મકાર્ય તો તારે આ જન્મમાં નવા જ પ્રયત્નથી કરવાનું છે માટે હે બંધુ! તું તારા પોતાના જ હિતને માટે તે નવીન પ્રયત્નની દિશાને સમજવા ઉદ્યમી થા.

## બાળ વિભાગ

# દેડકાની કથા

(ભગવાનની પૂજા સર્વ દુઃખોનો નાશ કરનારી છે, માટે ભક્તિભાવયુક્ત થઈને શ્રાવકે, અરહંત દેવના વાંચ્છિત ફળ આપનાર તથા વિષયવાસનાને દૂર કરનાર ચરણમાં નિત્ય પૂજા કરવી જોઈએ.)

મગધદેશમાં રાજગૃહ નગરમાં રાજા શ્રેણિક, શેઠ નાગદત્ત અને શેઠાણી ભવદત્તા હતાં. તે નાગદત્ત શેઠ સર્વદા માયાચારી હોવાથી મરીને પોતાના આંગણાની વાવમાં દેડકો થયો. ત્યાં એક દિવસ ભવદત્તા શેઠાણીને આવેલી જોઈને તેને જાતિસ્મરણ થયું અને તેની સમીપે આવીને—કૂદીને તેના ઉપર પડ્યો. તે (શેઠાણી) તેને વારંવાર પાછો હઠાવતી અને તે ટર્ર—ટર્ર શબ્દ કરતો ફરીથી આવીને તેને ચાટતો હતો. પછી આ કોઈ મારો પ્રિય હશે એમ ધારીને તેણે અવધિજ્ઞાની સુવ્રતમુનિને પૂછ્યું.

જ્યારે તેણે તેનું વૃત્તાન્ત કહ્યું, ત્યારે તેને ઘેર લઈ જઈને પરમ ગૌરવથી (માનથી) રાખવામાં આવ્યો.

એક દિવસ શ્રેણિક મહારાજ, વર્ધમાનસ્વામીને વૈભાર પર્વત પર આવેલા સાંભળીને આનંદભેરી વગડાવી મહાવૈભવથી (ઠાઠમાઠથી) તેમને વંદના કરવા ગયા. શેઠાણી આદિ ઘરનાં માણસો જ્યારે વંદના—ભક્તિ માટે ગયાં ત્યારે તે દેડકો આંગણાની વાવમાંનું કમળ પૂજાનિમિત્તે ગ્રહણ કરીને (વંદના માટે) જતાં, હાથીના પગ તળે ચગદાઈને મરી ગયો. પૂજાના અનુરાગના કારણે ઉપાર્જિત પુણ્યના પ્રભાવથી તે સૌધર્મ સ્વર્ગમાં મહાઋદ્ધિધારી દેવ થયો.



અવધિજ્ઞાનથી પૂર્વભવનું વૃત્તાન્ત જાણીને પોતાના મુગટના અગ્રભાગમાં દેડકાનું ચિહ્ન કરીને આવ્યો અને શ્રેણિકે તેને વર્ધમાનસ્વામીને વંદના કરતો જોયો. પછી તેણે (શ્રેણિકે) તેને દેડકાનું ચિહ્ન કેમ છે? તેનું કારણ ગૌતમસ્વામીને પૂછ્યું અને તેમણે તેનો પૂર્વવૃત્તાન્ત કહી સંભળાવ્યો. તે સાંભળીને બધા ભવ્યજીવો (જિન) પૂજાતિશય-વિધાનમાં ઉદ્યમશીલ (તત્પર) થયા.

નમઃ શ્રીસીમંધરદેવાય નમઃ શ્રીકહાનગુરુદેવાય વન્દે ભગવતીમાતરમ્

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત

*શ્રી કહાન પુષ્પ પરિવાર આયોજિત*

# પંદરમી બાલસંસ્કાર અધ્યાત્મ જ્ઞાન શિબિર

(તા. ૨૫-૧૨-૨૦૧૫ થી તા. ૩૦-૧૨-૨૦૧૫)

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તેમના અનન્યભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગથી આપણે સૌ મુમુક્ષુઓ સત્ય શુદ્ધાત્મા પ્રગટ કરવાનો માર્ગ સમજી શક્યા છીએ. આ ઊંડા તત્ત્વ સંસ્કારનું સિંચન આપણી ભવિષ્યની પેઢીમાં પણ થાય એ અત્યંત આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખી શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા પાછલા ચૌદ વર્ષોથી બાળસંસ્કાર શિબિરોનું આયોજન કરાઈ રહ્યું છે. આ જ શ્રેણિમાં આ વર્ષે પણ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૫-૧૨-૧૫ થી તા. ૩૦-૧૨-૧૫ સુધી પંદરમી બાળ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં આવવાથી બાળકોને ધાર્મિક સંસ્કાર-સિંચન સાથે સાથે પૂ. ગુરુદેવશ્રી તથા પૂ. બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીના જિનાયતનોમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિનો, પૂ. ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનોનો પણ લાભ મળશે. આ શિબિર ૧૦ થી ૧૮ વર્ષના બાળકો માટે રાખવામાં આવી છે.

આ શિબિર સમયે બાળકો ઉપરાંત વડીલો માટે પણ શિક્ષણવર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર દરમ્યાન તીર્થયાત્રાનો વિશેષ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે.

શિબિરાર્થીઓ તા. ૨૪-૧૨-૨૦૧૫ના રોજ મુંબઈથી નીકળી તા. ૨૫-૧૨-૨૦૧૫ના સવારે વાંકાનેર ઉતરશે. વાંકાનેરની યાત્રા કરી મોરબી તથા વવાણીયા થઈ તા. ૨૫-૧૨-૨૦૧૫ની રાત્રે સોનગઢ પહોંચશે. આ યાત્રામાં વાંકાનેરથી જોડાવા માંગતા મુમુક્ષુઓએ પોતાના નામો તા. ૫-૧૨-૨૦૧૫ સુધીમાં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ઓફિસમાં લખાવવા. જેથી યોગ્ય વ્યવસ્થા થઈ શકે.

આ શિબિર શ્રી બિપીનચંદ્ર રતિલાલ શાહ પરિવાર, ગાંધીનગરના સૌજન્યથી આયોજિત કરવામાં આવી છે.

લિ.

**શ્રી કહાન પુષ્પ પરિવાર વતી**

શ્રી હસમુખભાઈ વોરા શ્રી જિતુભાઈ શાહ

ના જય જિનેન્દ્ર

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

## વૈરાગ્ય સમાચાર :–

કલકત્તાનિવાસી સ્વ. કળાબેન મૂળચંદભાઈ જોબાલિયા (ઉ.વ. ૮૬) (તે બ્ર. ચંદુભાઈના ભાભી) તા. ૭-૮-૨૦૧૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓએ સુવર્ણપુરીના જિનમંદિર પ્રતિષ્ઠા વખતે ૫૬ કુમારીકા તથા કલકત્તા જિનમંદિરની પ્રતિષ્ઠામાં માતા-પિતા બનવાનો લાભ લીધો હતો. સોનગઢ રહી ઘણા વર્ષો સુધી પૂજ્ય ગુરુદેવશ્રી તથા બહેનશ્રીબેનનો લાભ લીધો હતો. સોનગઢ આવવાની તીવ્ર ભાવના હતી.

ઈસ સંસારરૂપી રંગભૂમિ પર યહ જીવ નાના પ્રકારકે શરીરરૂપ વેશ ધારણ કરકે નટકી તરહ નાટ્ય લીલા કરતા હૈ. જિસપ્રકાર રંગભૂમિમેં નટ અનેક પ્રકારકે ચિત્ર-વિચિત્ર પાત્રોંકે રૂપ ધારણ કર ઉન્હીં જૈસી ચેષ્ટા કરતા હૈ ઔર દર્શકલોગોંકો વાસ્તવિકકીસી ભ્રાંતિ કરા દેતા હૈ, ઉસીપ્રકાર યહ જીવ ભી જન્મમરણરૂપ ઈસ સંસાર રંગભૂમિ પર મનુષ્ય, તિર્યંચ, નરક, દેવ ઈન ગતિયોંમેં નાના પ્રકારકી એકેન્દ્રિયાદિ જાતિયોંમેં જન્મ લેકર નાના પ્રકારકી શુભ-અશુભભાવરૂપ ચેષ્ટા કરતા હુઆ અપને પૂર્વોપાર્જિત નાના પ્રકારકે કર્મોંકા સુખ-દુઃખ ફલ ભોગતા હુઆ ભ્રમણ કરતા હૈ, જબ જિસ પર્યાયકો ધારણ કરતા હૈ ઉસ સમય ઉસસે તન્મય હોકર મૈં ઉસ પર્યાયરૂપ હી હૂં ઐસા ભ્રમસે માનતા હૈ. (શ્રી અમિતગતિ આચાર્ય)

## (૩૦)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

ભગવાન મહાવીરનો નિર્વાણકલ્યાણક મહોત્સવ હોવાથી બધા જ
પ્રશ્નોના જવાબ **મ** બારાખડીથી શરૂ થશે

(૫૮૧) સુમતિનાથ ભગવાનના પિતાનું નામ .................. હતું.

(૫૮૨) ભરત ચક્રવર્તીના પુત્ર મારિચીના દાદીનું નામ .................... હતું.

(૫૮૩) મલ્લિનાથ ભગવાનનું જન્મસ્થાન .............. નગરી હતું.

(૫૮૪) વાસુપૂજ્ય ભગવાને દીક્ષા લીધી તે વનનું નામ .................. હતું.

(૫૮૫) સુપાર્શ્વનાથ મુનિરાજનો પ્રથમ આહાર ....................રાજાને ત્યાં થયો હતો.

(૫૮૬) વિમલનાથ ભગવાનના ગણધરનું નામ ............... હતું.

(૫૮૭) મુનિસુવ્રતનાથ ભગવાનના ગણધરનું નામ ..................... હતું.

(૫૮૮) નમિનાથ ભગવાન સમ્મેદશિખરની ................... કૂટ થી મોક્ષ પધાર્યા.

(૫૮૯) ધર્મનાથ ભગવાનના કાળમાં ત્રીજા ................ ચક્રવર્તી થયા હતા.

(૫૯૦) પાંચમા પ્રતિનારાયણ ............. ધર્મનાથ ભગવાનના કાળમાં થયા હતા.

(૫૯૧) વૈશાખ સુદ દસમના ............... ભગવાનને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી.

(૫૯૨) વાસુપૂજ્ય ભગવાનના સમયમાં બીજા નંબરના ............. નામના નારદ થયા હતા.

(૫૯૩) ............... નામના છઠ્ઠા નંબરના નારદ અરહનાથ ભગવાનના સમયમાં થયા હતા.

(૫૯૪) ................ નામના ૧૧મા કામદેવ શ્રેયાંસનાથ ભગવાનના સમયમાં થયા હતા.

(૫૯૫) વિદેહક્ષેત્રના ૧૮મા તીર્થંકરનું નામ ................ છે.

(૫૯૬) .............. ભગવાનને દીક્ષા લીધા પછી છઠ્ઠે દિવસે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી.

(૫૯૭) આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર .............. ભગવાન થશે.

(૫૯૮) આદિનાથ ભગવાન ............... ચૌદશના દિવસે કૈલાસ પર્વતથી મોક્ષે ગયા હતા.

(૫૯૯) ચંદ્રપ્રભુ ભગવાનના પિતાનું નામ ................. હતું.

(૬૦૦) કાર્તિક અમાવસ્યાના પવિત્ર દિને ............ ભગવાનને મોક્ષની પ્રાપ્તિ થઈ હતી.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો ઓક્ટોબર-૨૦૧૫ના ઉત્તરો

| | | | | |
|---|---|---|---|---|
| (૫૬૧) | ૧. સમ્યક્દર્શન | ૨. સમ્યક્જ્ઞાન | ૩. સમ્યક્ચારિત્ર | ૪. સમ્યક્ તપ |
| (૫૬૨) | ૧. અનંતજ્ઞાન | ૨. અનંતદર્શન | ૩. અનંતસુખ | ૪. અનંતવીર્ય |
| (૫૬૩) | ૧. જ્ઞાનાવરણીય | ૨. દર્શનાવરણીય | ૩. મોહનીય | ૪. અંતરાય |
| (૫૬૪) | ૧. અવગ્રહ | ૨. ઈહા | ૩. અવાય | ૪. ધારણા |
| (૫૬૫) | ૧. સ્વરૂપાચરણ ચારિત્ર | ૨. દેશચારિત્ર | ૩. સકલચારિત્ર | ૪. યથાખ્યાન ચારિત્ર |
| (૫૬૬) | ૧. આહારદાન | ૨. અભયદાન | ૩. ઔષધદાન | ૪. જ્ઞાનદાન |
| (૫૬૭) | ૧. મુનિ | ૨. અર્જિકા | ૩. શ્રાવક | ૪. શ્રાવિકા |
| (૫૬૮) | ૧. વ્યંતરદેવ | ૨. ભવનવાસી | ૩. જ્યોતિષી | ૪. વૈમાનિક |
| (૫૬૯) | ૧. પ્રકૃતિબંધ | ૨. પ્રદેશબંધ | ૩. સ્થિતિબંધ | ૪. અનુભાગબંધ |
| (૫૭૦) | ૧. સકામનિર્જરા | ૨. અકામનિર્જરા | ૩. સવિપાકનિર્જરા | ૪. અવિપાક નિર્જરા |
| (૫૭૧) | ૧. પ્રાગ્ભાવ | ૨. પ્રધ્વંસાભાવ | ૩. અન્યોન્યાભાવ | ૪. અત્યંતાભાવ |
| (૫૭૨) | ૧. ઋજુગતિ | ૨. પાણીમુક્તાગતિ | ૩. લાંગલિકાગતિ | ૪. ગોમૂત્રિકાગતિ |
| (૫૭૩) | ૧. વસ્તુસ્વભાવ | ૨. ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મ | ૩. સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર | ૪. જીવોની રક્ષારૂપ ધર્મ |
| (૫૭૪) | ૧. પૃથક્ત્વવિચાર | ૨. એકત્વવિતર્ક | ૩. સૂક્ષ્મક્રિયા પ્રતિપાતી | ૪. વ્યુપરતક્રિયા નિવર્તિ |
| (૫૭૫) | ૧. સ્વદ્રવ્ય | ૨. સ્વક્ષેત્ર | ૩. સ્વકાળ | ૪. સ્વભાવ |
| (૫૭૬) | ૧. મૈત્રી | ૨. પ્રમોદ | ૩. કારૂણ્ય | ૪. માધ્યસ્થ |
| (૫૭૭) | ૧. મિથ્યાત્વ | ૨. અવિરતિ | ૩. કષાય | ૪. યોગ |
| (૫૭૮) | ૧. ઋષિ | ૨. મુનિ | ૩. યતિ | ૪. અણગાર |
| (૫૭૯) | ૧. પ્રથમાનુયોગ | ૨. ચરણાનુયોગ | ૩. કરણાનુયોગ | ૪. દ્રવ્યાનુયોગ |
| (૫૮૦) | ૧. અનિષ્ટસંયોગ | ૨. ઈષ્ટવિયોગ | ૩. વેદનાજન્ય | ૪. નિદાનજન્ય |

# (૩૦)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા ભાગ-૧-૨માંથી મળશે.)

(૫૮૧) ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય .................... ની હદ બતાવનારા દ્રવ્યો છે.

(૫૮૨) જીવ દ્રવ્ય ............... માં કદી ન જાય.

(૫૮૩) આકાશના બે ભેદ છે (૧) .................. (૨) .................

(૫૮૪) જેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ હોય તેને ................. દ્રવ્ય કહે છે.

(૫૮૫) અરૂપી અને અચેતન દ્રવ્યો ............... છે. (સંખ્યા)

(૫૮૬) જીવના બે ભેદ (૧) .............. (૨) ..............

(૫૮૭) બહુપ્રદેશી દ્રવ્યને ................... કહે છે.

(૫૮૮) કાલાણુ અને પરમાણુ .................. પ્રદેશી દ્રવ્ય છે.

(૫૮૯) કાળના બે ભેદ છે (૧) .................. (૨) .............

(૫૯૦) ગુણોના સમૂહને ................. કહે છે.

(૫૯૧) (૧) ................ અને (૨) ............. આ બે દ્રવ્યો ક્ષેત્રાન્તર કરવાની શક્તિવાળા છે.

(૫૯૨) કાળ દ્રવ્ય એકપ્રદેશી છે તેથી તે ................ નથી.

(૫૯૩) પુદ્‌ગલના બે ભેદ (૧) ................ (૨) ...............

(૫૯૪) જેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ન હોય તેને ............... કહે છે.

(૫૯૫) છ દ્રવ્યોના સમૂહને ............... કહે છે.

(૫૯૬) આકાશ દ્રવ્ય ............. પ્રદેશી દ્રવ્ય છે.

(૫૯૭) ક્ષેત્ર અપેક્ષાએ સૌથી મોટું દ્રવ્ય .................. છે.

(૫૯૮) જીવ દ્રવ્ય .......... છે અને સંપૂર્ણ .............માં વ્યાપ્ત છે.

(૫૯૯) આકાશ દ્રવ્ય ................... હોવાથી તેમાં રંગ હોય નહીં.

(૬૦૦) મોક્ષ જતા પહેલા કેવળી સમુદ્‌ઘાત કરવાવાળો જીવ................ બરાબર મોટો હોય છે.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન ઓક્ટોબર–૨૦૧૫ના ઉત્તર

(૫૬૧) હાથી
(૫૬૨) વજ્રધરસ્વામી
(૫૬૩) ચૈત્ર સુદી ૧૩
(૫૬૪) જંબૂસ્વામી
(૫૬૫) અનિવૃત્તિકરણ
(૫૬૬) શ્રીમંડપભૂમિ
(૫૬૭) ૧૧
(૫૬૮) સિદ્ધવરકૂટ
(૫૬૯) ઋજુમતિ, વિપુલમતિ
(૫૭૦) સ્પર્શ, કાયબળ, શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય
(૫૭૧) ટમેટા
(૫૭૨) વિજય, વૈજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધિ
(૫૭૩) હિંસાનંદી, મૃષાનંદી, ચૌર્યાનંદી, પરિગ્રહાનંદી
(૫૭૪) સુપાર્શ્વનાથ
(૫૭૫) પાંચ
(૫૭૬) સ્થિતિહેતુત્વ
(૫૭૭) ૪
(૫૭૮) ૪૫ લાખ યોજન
(૫૭૯) ૩૨
(૫૮૦) આસ્રવ

## આત્મધર્મ ગ્રાહક મિત્રો માટે

(૧) ‘આત્મધર્મ’ દરેક ગ્રાહકને જણાવવાનું કે ‘આત્મધર્મ’ માસિક દરેક માસની ૧લી તારીખે પ્રકાશિત થાય છે તે જ દિવસે પોસ્ટ કરવામાં આવે છે.

(૨) આપને આત્મધર્મ નિયમિત મળતું હશે જો ન મળતું હોય તો અમોને નીચેના સરનામે અથવા Email દ્વારા જાણ કરશો.

(૩) સરનામું મોકલતી વખતે આપનો ગ્રાહક નંબર જે આત્મધર્મ ઉપર આવે છે તે જરૂર લખવા મહેરબાની કરશો.

(૪) આપનું જો એડ્રેસ બદલાયું હોય તો અમોને આપનું નવું એડ્રેસ મોકલશો જેથી આપના નવા એડ્રેસમાં આપને આત્મધર્મ મોકલી શકાય.

(૫) જો આપને ‘આત્મધર્મ’ માસિક બંધ કરાવવું હોય તો પણ નીચેના સરનામે જણાવા વિનંતી

(૬) જો આપને છાપેલ માસિક ન જોઈતું હોય અને PDF ફાઈલ જોઈતી હોય તો આપ www.kanjiswami.org ઉપરથી મેળવી શકો છો. અને તે મુજબ અમોને ગ્રાહક નંબર સાથે જાણ કરવી.

આત્મધર્મ કાર્યાલય
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦ (જિ. ભાવનગર) ગુજરાત
www.kanjiswami.org
email : contact@kanjiswani.org

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પ્રશ્ન : પર્યાય દ્રવ્યથી (ધ્રુવ) ભિન્ન કે અભિન્ન ? કઈ રીતે ?

ઉત્તર : (ધ્રુવ) દ્રવ્ય છે તે પર્યાયથી ભિન્ન છે કેમ કે ધ્રુવ છે તેમાં પર્યાય નથી ને પર્યાયમાં ધ્રુવ આવતો નથી એટલે ધ્રુવ પર્યાયને સ્પર્શતો નથી. પરંતુ પરથી ભિન્ન પાડવા માટે એમ કહેવાય કે દ્રવ્યની પર્યાય છે. પણ તેનો અર્થ એ નથી કે સામાન્ય દ્રવ્ય ને વિશેષ પર્યાય બે ધર્મો એકરૂપ થઈ જાય છે. ખરેખર તો બંને ધર્મો એકબીજાને સ્પર્શતા નથી. ૧૪૩.

● પ્રશ્ન : આગમનો વ્યવહાર અને અધ્યાત્મનો વ્યવહાર એટલે શું ?

ઉત્તર : સ્વરૂપની દૃષ્ટિ થતાં જે શુદ્ધ પરિણમન થાય તે અધ્યાત્મનો વ્યવહાર છે અને મહાવ્રત, ત્રણ ગુપ્તિ આદિ શુભરાગ તે આગમનો વ્યવહાર છે. ૧૪૪.

● પ્રશ્ન : કોઈ અપેક્ષાએ દ્રવ્ય પરિણામી છે ને ?

ઉત્તર : (ધ્રુવ) દ્રવ્ય તો અપરિણામી છે. બંધ-મોક્ષના પરિણામને દ્રવ્ય કરતું નથી, પણ પર્યાય દૃષ્ટિથી કહેવું હોય તો પર્યાય ધ્રુવમાંથી આવે છે ને ધ્રુવમાં જાય છે તેથી પર્યાય અપેક્ષાએ દ્રવ્ય પરિણમન કરે છે. દ્રવ્યદૃષ્ટિએ નિષ્ક્રિય છે, પર્યાયદૃષ્ટિ અપેક્ષાએ સક્રિય છે. ૧૪૫.

● પ્રશ્ન : પરલક્ષી જ્ઞાનથી આત્મા જણાય નહીં ને અનાદિ મિથ્યાદૃષ્ટિને સ્વલક્ષી જ્ઞાન નથી તો સાધન શું ?

ઉત્તર : રાગથી ભિન્ન પડવું તે સાધન છે. પ્રજ્ઞાછીણીને સાધન કહો કે અનુભૂતિ ને સાધન કહો, તે એક જ સાધન છે. ૧૪૬.

● પ્રશ્ન : પરિણામી નિશ્ચયથી પોતાના પરિણામનો કર્તા છે અને વળી પૂર્વ પર્યાયનો વ્યય કર્તા છે તે કઈ રીતે ?

ઉત્તર : ખરેખર તો ઉત્પાદની પર્યાયનો કર્તા ઉત્પાદ જ છે. પણ અભેદ ગણીને ઉપચારથી પરિણામીને કર્તા કહેવાય. પરંતુ (ધ્રુવ) દ્રવ્ય તો પરિણમતું જ નથી. ધ્રુવ દ્રવ્ય તો નિષ્ક્રિય છે, પલટે છે તે પર્યાય છે. વ્યયને ઉત્પાદનો કર્તા કહેવું તે પણ વ્યવહાર છે. ષટ્‌કારકના પરિણામ, ધ્રુવ અને વ્યયની અપેક્ષા વિના, સ્વયંસિદ્ધ ઉત્પાદ થાય છે. ૧૪૭.

આત્મધર્મ
નવેમ્બર-૨૦૧૫
અંક-૩ ✻ વર્ષ-૧૦

Posted at Songadh PO
Publish on 1-11-2015
Posted on 1-11-2015

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org